Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

**Published on 10th of every month**
**Yearly Subscription Rs. 50/-**

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

**Vol. No. 28, Issue No. 04 10th January, 2024 Annual Subscription Rs. 50=00**
વર્ષ : ૨૮, અંક : ૦૪ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



## નિમિત્ત-કૃપા (અનુષ્ટુપ)

**મને નિમિત્તનું કેવું પ્રદાન તો મળેલ છે !**
**નિમિત્તે 'ભાવ' હૈયામાં દઢાયો, તે કૃપા શી છે !**
**નિમિત્ત તે મને કેવી હરિની યાદગીરી છે !**
**હરિલીલાનું પ્રત્યક્ષ દર્શન છે નિમિત્ત તે.**

'નિમિત્ત', પ્ર. આ., પૃ. ૪૮ **- શ્રીમોટા**



## ગયેલા આત્માને...

પૂજ્ય શ્રીમોટાના સ્વજન **શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા** (સાહિત્ય મુદ્રણાલય- અમદાવાદ)નો તા. ૧૯-૧૨-૨૦૨૩ના રોજ દેહાંત થયેલ છે. પૂજ્ય શ્રીમોટાએ સાહિત્ય મુદ્રણાલયમાં નવા પ્રિન્ટિંગ મશીનનાં પ્રારંભ, પૂજન અને પ્રાર્થના કરેલાં તે આ સમયે ઉલ્લેખનીય છે.

શ્રી શ્રેયસભાઈના પિતાશ્રી સ્વ. વિષ્ણુપ્રસાદે પૂજ્ય શ્રીમોટાના એક પુસ્તકનું પ્રકાશન દર વર્ષે કરવાનો સેવાભાવે આરંભ કરેલો. આ પ્રણાલિકાને ચાલુ રાખવા ઉપરાંત શ્રી શ્રેયસભાઈએ આગળ વધીને 'હરિઃૐ આશ્રમ', સુરતના પ્રકાશનોનું કાર્ય ચાલુ રાખેલું. સાથોસાથ 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ દ્વારા પ્રકાશિત સામયિક 'હરિભાવ'ના પ્રકાશનમાં પણ પૂર્ણ સહકાર આપી રહ્યા હતા. 'હરિભાવ'નું કંપોઝિંગ કરી સાહિત્ય મુદ્રણાલયને તે સુપરત કરાયા બાદ તેના પ્રિન્ટિંગથી માંડી રવાનગી સુધીની કામગીરી સાહિત્ય મુદ્રણાલય સંભાળી રહેલ છે. તે માટે 'હરિવાણી ટ્રસ્ટ' તેમનું સદા આભારી રહેશે.

પૂજ્ય શ્રીમોટાના કથન મુજબ સતકાર્ય તેનો બદલો આપીને જ રહે છે. તેમાં અપેક્ષાનું સ્થાન હોતું નથી. ઉપરોક્ત વિગતોના ઉલ્લેખ સાથે સદ્‌ગત શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાના ગતાત્માનું શ્રીહરિ સર્વ પ્રકારે યશકલ્યાણ પ્રેરે એવી અમારી ભાવના અને પ્રાર્થના છે.

**- હરિવાણી ટ્રસ્ટ**

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ



**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન



**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ. ૧૫૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ ઍક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની**
**કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.**

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
**બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦



* Subject to Ahmedabad Jurisdiction



મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૮ અંક : ૪ જાન્યુઆરી, ૨૦૨૪**


**અનુક્રમ**


| ક્રમ | વિગત | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૦૪ |
| ૨. | દિલના ભાવથી ગુરુ કરો ને કાળ પ્રમાણેની શિખામણ | શ્રીમોટા | ૦૫ |
| ૩. | નામજાપનું રહસ્ય | શ્રી ભાણદેવજી | ૦૭ |
| ૪. | પ્રભુકૃપાથી પ્રતિકાર | શ્રીમોટા | ૧૦ |
| ૫. | 'પ્રભુમય જીવન' પુસ્તકની | શ્રી મણીલાલ નથુભાઈ દોશી | ૧૨ |
| ૬. | પ્રાણાયામ અને કુંડલિની | શ્રીમોટા | ૧૫ |
| ૬-અ. | એક પ્રસંગ | મુકુલચંદ્ર રસિકલાલ શાહ | ૧૭ |
| ૭. | 'કર્મ દ્વારા યોગસાધના' : એક અભ્યાસ | શ્રી કાર્તિકેય અ. ભટ્ટ | ૧૮ |
| ૮. | કૃપા એ આત્મશક્તિ છે | શ્રીમોટા | ૨૦ |
| ૯. | ગૃહસ્થી જીવન | સ્વામી વિવેકાનંદ | ૨૨ |
| ૧૦. | દુઃખદર્દ એ કર્મભોગ જ છે | શ્રી જેસંગ બાવજી | ૨૪ |
| ૧૧. | 'મોટા ક્યારેય મરવાના નથી' - શ્રીમોટા | ડૉ. રમેશ ભટ્ટ | ૨૬ |


## જ્ઞાનદાન - સહયોગ

પૂજ્ય શ્રીમોટાનાં અજ્ઞાત રહેવા ટેવાયેલાં અમુક સ્વજનો 'હરિભાવ'ને પોતાની અનુકૂળતા મુજબ દર મહિને નિયમિત રીતે સહયોગ આપતા રહે છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની તેઓશ્રીની ભક્તિને વંદન કરતા 'હરિભાવ' પરિવાર ઘણો ઘણો આભાર વ્યક્ત કરે છે.

- સંપાદક

# (૧) પદ્યપ્રસાદી

**શ્રીમોટા**

### ગરજ ઉત્કટ જગાડીને

ચરણઆશ્રય હૃદય લેવા, મતિ તેં તો સુઝાડી છે;
સુઝાડી તેં મને કેવી કૃપા અનહદ કરેલી છે !

શરીરને[1] રોગ શો દઈને, થવાવા મુક્ત તેનાથી;
ગરજ ઉત્કટ જગાડીને, સ્મરણ તારું કરાવ્યું છે.

મૂઓ હું શો પડેલો જે, સ્મરણથી જ્યાં ચડ્યો ચરણે;
ચરણઆશ્રય મળ્યાથી શો ફરી જીવતો થયેલો છે !

જીવનમાં ઓથ લાધી છે, જીવનની ઓથથી કેવું-
અનુપમ સાંપડ્યા બળથી, ચરણ શા સાહી લીધા છે !

### ઉગારી શો લીધો મુજને

[2]જીવનને નાખી દેવાનું, નકામું જાણીને નદીએ;
અને જ્યાં તેને તેમ કીધું છે, ઉગારી શો લીધો મુજને !

ઉગારીને, બચાવીને, નિરાશા ઘોરમાંથી તે;
મને કેવા હૃદયબળની શી ઝાંખી તેં કરાવી છે !

મહા ઉપકાર કેવા તેં કર્યા મુજ પર રહમ કરીને;
ગણાવે પાર ના'વે કૈં, કૃપાસાગર પ્રભુ તું છે !

ભયંકર મૃત્યુ જેવી તે, નિરાશાથી ઊગરતાં જે;
હૃદય સમજાયું કે 'કરવા કશુંક' જન્મ્યો છું તે કાજે !

૧. શરીરને ફેફરાનો રોગ થયો હતો.

૨. નર્મદા નદીમાં શરીરના ફેફરાના રોગના કારણે આપઘાત કરવા પડતું નાંખેલું તેનો ઉલ્લેખ છે.

### કરાવવા ભાન તેં

કંઈક વેળા શરીર કેવું, પૂરું બેભાન બનતાંમાં;
હૃદય શી પેરથી મુજને, હરિ તું યાદ આવ્યો છે !

અને બસ યાદ તારી તે, મને પૂરતી શી નીવડે છે !
અકસ્માત તણી વેળે, મને ઉપાડી શો લે છે !

મને[1] પહાણો શિરે પડતાં, જરી જાણે ન વાગ્યું છે !
કરામત એવી તારાની, ખબર ત્યારે મને ના છે !

કંઈક પળ કારમીમાં તેં, મને કેવો બચાવ્યો છે !
કરવવા ભાન તેં તારું, કળા મુજ પર શી કીધી છે !

### સ્મરણ તારું જગાડી ને

[2]શરીરને સર્પ કરડાવી, સ્મરણ તારું કરાવ્યું છે,
શરીરને સર્પના દંશે ભયંકર વેદના શી તે !

છતાંયે જ્યાં સહન કરવા તણી હદ આવી ઊભી છે,
અને જ્યાં મૃત્યુ ઊભું છે, પ્રભુ ત્યાં સ્હાય દોડ્યો છે.

શરીરની તે ભયંકરતા ભરી શી વેદનામાં તે !
શરીર તૂટી પડી કેવું, બધું જ્યાં ભાન ચૂકે છે !

પ્રભુ તે વેળ કેવો તું, ચઢી સ્હાયે સ્મરાવીને;
સ્મરણ તારું જગાડીને મને પાછો જિવાડે છે.

'જીવનઅનુભવગીત' બીજી આ., પૃ. ૨-૫ ❑

૧. કુંભકોણમ્ આશ્રમનું મકાન ચણાતું હતું તે વેળા માથા પર પહાણો પડેલો હતો.

૨. બોદાલ (તા. બોરસદ)આશ્રમના ઉદ્‌ઘાટન વેળાની રાત્રીએ ખેતરમાં સદ્‌ગત શ્રી ઠક્કરબાપા તથા શ્રી શ્રીકાંત શેઠ એ બંનેની વચ્ચે આ જીવ સૂતો હતો, તે વેળા સાપ કરડ્યો હતો એ પરત્વેનું આ કાવ્ય છે.

એટલે આ કાળ એવો આવ્યો છે કે આપણી સંસ્કૃતિ ભૂંસાઈ જાય એવું આ કાળનું લક્ષણ છે. ભઈ, આમ તો ગુરુની વાત કરતો હતો. તે વ્યાસ ભગવાનથી આ પ્રથા શરૂ થઈ. એટલે **ગતાનુગતિક રીતે ગુરુ કરવાનો કોઈ અર્થ નથી. તમારો ગુરુમાં ભાવ હોવો જોઈએ. દિલનો ભાવ હોવો જોઈએ. જેમ તમારાં છૈયાં-છોકરાં, ઘરબાર, પત્ની-પરિવાર, ધંધો-ધાપો, પ્રતિષ્ઠા આ બધાંમાં તમારું દિલ રહે છે એવું ગુરુમાં કાંઈ રહેતું નથી તો ગુરુ કરવાનો કોઈ અર્થ નથી.** જેમ તમારાં છૈયાંછોકરાં, પત્ની-પરિવારને માટે જે કાંઈ કરો છો અને કરવું પડે. તમે ના કરો તો પંચાતી. તમારે કરવું જ પડે. છૂટકો જ નહિ. અને આખરે તો એ તમારા બધાંના સંરક્ષણ માટે. દા.ત., તમે મને ઘરેણાં કરાવો તો પ્રથમ ઘરેણાં બધાં ઉપયોગમાં આવે. તો એ ઘણું જરૂરનું છે સાહેબ... એ ના કરતાં હોય તોયે કરાવજો જ. એ ટકે એવું છે. સોનાનાં ઘરેણાં ના કરાવતા હોય તો કરાવજો. અમારા લાલાજીને હું કહું છું, કારણ કે એ બધું અમારા મામાના મોટા દીકરા છે. એને કોઈ ઠેકાણે જવાનું ગમે નહિ. અમદાવાદ જવાનું હોય તોય બેળે બેળે આનંદથી નહિ.

ત્યારે પણ આ કાળ એવો આવે છે કે ભઈ કરાવજો. એ રહેશે તમારી પાસે. કાંઈ નહિ તો અહીંથી નાસવાનું થાય તો એને હાથમાં મૂકીને જોડે લઈ શકાશે. અને કાંઈક હાનિ થઈ તો એટલું બચવાનું સાધન તો થશે. હવે એ તો બીજી વાત થઈ.

### અહમ્‌ને મોળું પાડવા પગે લાગવાનો રિવાજ

અને આ જે ગુરુ છે તે તમારો દિલનો ભાવ ન હોય તો ગુરુ ખપમાં નહિ લાગે. અને હું આ કુટુંબમાં રહ્યો છું તે એક છોકરા તરીકે રહ્યો છું. તમારા કુટુંબનું હું છોકરું છું. મારો હંમેશનો ભાવ રહેલો છે. અને છોકરા તરીકેનો મારો ભાવ વફાદારીથી હું બજાવું છું. સાબિત તો કરી નથી આપી શકતો. તમારું દિલ ને મન જે કહેતું હોય તે ભલે કહે. બાકી હું કાંઈ ગુરુ તરીકે બધાંને ના કહું છું. હું તો બધાંને કહું છું. તમારે મને પગે લાગવું નહિ. પગે લાગવાનું તો એટલા માટે નીકળેલું છે કે તમારું અહમ્ મોળું પડે. **કોઈને તમે નમો તો તમારા અહમ્‌ને મોળું પાડવાની ભાવનાને માટે આ રિવાજ પડેલો. એ વખતે એ સભાનતા રાખો કે આપણે આ અહમ્ આપણું મોળું પાડવું છે.**

અહમ્‌ને લીધે ઘણા દોષો આપણાથી થતા હોય છે. અહમ્‌ને લીધે જ આપણાથી એકબીજાની સાથે ભળાતું નથી. એકબીજાની સાથે પ્રેમનો, ખુલ્લા દિલનો નદીના પૂરના જેવો ઉમળકાનો ભાવ આપણને જાગતો નથી. એકબીજાની સાથે વહેવારમાં એનું કારણ આપણું અહમ્ છે. અહમ્ જ એકબીજાને લડાવી મારે છે. ત્યારે આપણા ઋષિમુનિઓએ જોયું કે સાલુ

આ જ ખરાબ કારણ છે. એ અહમ્ બધાંનું મોળું પડે તો સાહેબ બધાંને પગે લાગવાનો રિવાજ પાડો, અને તે વખતે દરેક મનમાં વિચારે સાલું આ મારા અહમ્‌ને મારે મોળું પાડવું છે. એવી રીતે ઘણે ઠેકાણે એ પગે લાગે તો પેલો રિવાજ હોય તો એને યાદ આવે કે સાલું આ શાને માટે છે આ રિવાજ ? કે મારા અહમ્‌ને મોળું પાડવાને માટે છે, પણ એ તો ચાલ્યું ગયું આજે. હું તો જાહેરમાંય કહું છું આજે. ના ગમે તો કોઈ પગે લાગશો નહિ ભઈ. મારા હાળા અમસ્તા અમસ્તા એવાઓ. તમારા મનમાં તો કશો ભાવ છે નહિ. પગે લાગવાનો ભાવ નથી. તે વખતે કોઈ ઊર્મિ કે કોઈ લહર ઊઠેલી તો મને લાગતી નથી. તો એવું પગે લાગવાની જરૂર શી ભઈ ? પણ આ તો મેં તમને એનું રહસ્ય શા માટે આ બધી પ્રથાઓ નીકળી એનું રહસ્ય તમને સમજાય એટલા માટે કહું છું.

**પોતાની શાંતિ માટે તો સદ્ભાવ રાખો**

ત્યાર પછી એમાંથી આ ગુરુનો ભાવ નીકળ્યો. પહેલાં તો આ મુદ્દલે ના મળે. તો એ નીકળતાં નીકળતાં પછી એ એક ચોકઠું થઈ ગયું. જેમ પરણવું. છૈયાંછોકરાં થાય. પછી એમને ભણવા મોકલીએ. આ બધો વહેવાર કરવો એ બધું Mechanical થઈ ગયું. ઘરેડ. એ ઘરેડમાં કદી પ્રાણ પ્રગટતા નથી. એ ભાવ જાગવો બહુ અઘરી વાત છે. અને એ ભાવ હોય તો જ સામાના દિલ આપણને Response આપે છે. પણ ભાવ હોય કે ના હોય આપણી પોતાની શાંતિને માટે, પ્રસન્નતાને માટે, આપણને મનથી હળવાશ લાગે, કોઈ ઓથાર ન લાગે આપણા મનને એટલા માટે આપણો સદ્ભાવ. બીજાને માટે નહિ. આપણા પોતાના જ માટે. તમો એકબીજાની સાથે બધા પૂર્વગ્રહ છોડી દઈને જો સદ્ભાવ રાખશો અને એ પ્રમાણે વર્તાવ તમારો થશે તો તમારા મનથી તમે સમજી લેજો કે આપણને કેટલી એનાથી શાંતિ હશે ? બીજા કોઈ વર્તે કે ના વર્તે તે છોડી દેજો. એ ખ્યાલ જ છોડી દેજો.

**સદ્ગુરુ પાસે ખુલ્લા થાવ—મોટાનું કાર્ય સમાજનું કાર્ય છે**

એટલા માટે આ સદ્ગુરુની પ્રથા આપણા માટે નીકળી છે કે ખુલ્લા દિલથી બધી વાત કરજો. એ કાંઈ કશાથી આવરાઈ નહિ જાય. તમે એને ખાવા-પીવાનું બધી જરૂરિયાતો પૂરી પાડજો. તો એથી કરીને એ લેવાઈ નહિ જાય. કે ખાધું છે માટે એ તમારું સાચું જ બોલશે. હું દાખલો મોજૂદ છું. તમારું ખઉં છું. તમારા એકલાનું તો બહુ થોડું ખઉં છું ભાઈ. તમે મને આપો છો એના કરતાં બીજે ઘણું મને વધારે મળે છે સાહેબ. એ હકીકતની વાત છે. માટે એ તો તમે ભૂલી જ જજો. મને આપશો તો ગુજરાતની સમૃદ્ધિને માટે આપો છો. આ કાંઈ ચૂનીલાલ ભગત આ **મોટો** બેઠો છે એને કાંઈ છે નહિ. એ તો ગુજરાતને માટે કામ કરવા આખા દેશને માટે કામ કરવાવાળો. એમાં પૈસા ખર્ચાય છે તો આપીશું એ તદ્દન સાચેસાચી સો ટકાની વાત છે.

'મોટાવાણી-૨', ત્રીજી આ., પૃ. ૬૭-૭૦ ❑

## ૧. જપનો મહિમા

ભગવાન શંકર ભગવતી પાર્વતીજીને ઉદ્દેશીને કહે છે :

जपात्र सिद्धिः जपात्र सिद्धिः
जपात्र सिद्धिः वरानने ।

'હે દેવી ! જપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, જપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, જપથી સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે.'

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે -

यज्ञानां जपयज्ञोऽडस्मि ।

– श्रीमद् भगवद्गीता; १०-२५

'હે અર્જુન ! યજ્ઞોમાં હું જપયજ્ઞ છું.'

ભગવાન ચૈતન્ય મહાપ્રભુ, તેમની એક માત્ર રચના શિક્ષાષ્ટકમાં કહે છે :

नाम्नामकारि निज सर्वशक्ति
स्तत्रार्पिता नियमित स्मरणे न कालः ।
एतादृशी तव कृपा भगवन् ममापि
दुर्दैवमीदृशमिहाजनिनानु रागः ॥

– शिक्षाष्टक; २

'નામમાં પ્રભુએ પોતાની પૂર્ણ શક્તિ સ્થાપિત કરી છે. સ્મરણમાં કોઈ વિધિનિષેધ નથી. છતાં હે ભગવાન ! અમારું કેવું દુર્ભાગ્ય કે એવા સર્વસુલભ સાધન તરફ અમારા હૃદયમાં પ્રેમ જાગતો નથી.'

તુલસીદાસજી રામચરિતમાનસમાં કહે છે :

रामनाम मनि दीपधर, जीह देहरी द्वार ।
तुलसी भीतर बाहेर हूं चाहसि उजियार ॥

रामचरितमानस, वालकांड, दो-२१

'જો તમે અંદર અને બહાર, એમ બંને બાજુ પ્રકાશ ઇચ્છતા હો તો જીભરૂપી ઉંબરા પર રામનામરૂપી મણિ રાખો.'

નામજપનો આવો અપરંપાર મહિમા છે.

## ૨. નામજપ એટલે શું ?

જપ એટલે કોઈ પણ નામ કે મંત્રનું વારંવાર રટણ કરવું તે. નામ કે મંત્રના માનસિક રીતે કે ઉચ્ચારીને, વારંવાર આવર્તન કરવામાં આવે ત્યારે તે 'જપ' ગણાય છે.

જપક્રિયાનો આ સાદો અને બહિરંગ અર્થ છે.

યાદ રહે ! પોપટ 'રામ રામ' બોલે, દેડકાં આખી રાત ડ્રાંઉ ડ્રાંઉ કે ટેપરેકર્ડર આખો દિવસ મંત્રજપ કર્યા કરે તોપણ તે વસ્તુતઃ જપ ન ગણાય !

જાપક જ્યારે કોઈ વિશિષ્ટ નામ કે મંત્રના વિશિષ્ટ હેતુથી અને વિશિષ્ટ મનોવલણપૂર્વક આવર્તન કરે, ત્યારે તેને આપણે જપ કહી શકીએ.

જપ અધ્યાત્મપથનું એક ઘણું મૂલ્યવાન અને સમર્થ સાધન છે, તે વિશે કોઈ શંકા નથી.

## ૩. સમસ્યા

અનેક સાધકોની આવી સમસ્યા છે અને તેથી અનેકવાર આવી ફરિયાદ જોવા મળે છે -

'અમે વરસોથી ખૂબ નામજપ કરીએ છીએ, તોપણ અમારા જીવનમાં તેનાથી કોઈ રૂપાંતર થયું હોય તેમ જણાતું નથી. આટલા જપ છતાં અમારો આધ્યાત્મિક વિકાસ થતો હોય તેમ લાગતું નથી.'

આવી ફરિયાદ એકલદોકલ નથી, અગણિત છે.

આમ કેમ બને છે ? શું શાસ્ત્રમાં જપનો જે મહિમા ગવાયો છે, તે માત્ર અર્થવાદ કે અતિશયોક્તિ છે ? જપનું સામર્થ્ય ગણવામાં આવે છે, તેવું અને તેટલું નથી ?

શાસ્ત્રમાં જપનો જે મહિમા ગવાયો છે, તે શતપ્રતિશત યથાર્થ છે. જપનું અપરંપાર સામર્થ્ય છે. આમ છતાં, જીવનમાં અને આધ્યાત્મિક વિકાસમાં જપની અસરકારકતા જોવા મળતી નથી, તેનું કારણ બીજું જ છે.

શું છે આ બીજું કારણ ? શું છે આ સમસ્યા ?

**૪. સમસ્યા અને નિરાકરણ**

જપનું એક બહિરંગ સ્વરૂપ છે. અહીં મનનો એક નાનો ભાગ યંત્રવત્, પોપટિયા રટણની જેમ જપ કરે છે અને મનનો બાકીનો મોટો ભાગ અન્ય વિચારોમાં રત રહે છે. આંતરચેતના જપની અસ્પૃષ્ટ જ રહે છે. આવા યંત્રવત્ જપ દ્વારા જીવનનું રૂપાંતર કે આધ્યાત્મિક ક્રાંતિ સિદ્ધ થઈ શકે નહિ. આ સમસ્યા છે.

જપનું એક અન્ય સ્વરૂપ છે, જે અંતરંગ સ્વરૂપ છે. આ સ્વરૂપમાં જપ દરમિયાન બાહ્ય સ્મરણની સાથે આંતરસ્મરણ પણ જોડાઈ જાય છે. આ જપમાં ચિત્તનું ચૈતન્ય સાથે અનુસંધાન થાય છે, જ્યારે જપમાં આ આંતરિક અનુસંધાન સિદ્ધ થાય ત્યારે જપ યથાર્થ જપ બને છે. ચિત્ત દ્વારા ચૈતન્યનું સ્મરણ થાય - આ જપનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. જ્યારે આવા આંતર્સ્મરણયુક્ત જપ સિદ્ધ થાય, ત્યારે જપ જીવંત બને છે.

આવા જીવંત જપ દ્વારા જીવન અને ચેતનાનું આમૂલાગ્ર રૂપાંતર સિદ્ધ થાય છે ! આ નિરાકરણ છે.

શિવજી કહે છે - जपात् सिद्धि, તે આવા જીવંત અર્થાત્ આંતરસ્મરણ યુક્ત જપ માટે કહે છે. અને આવા જપ દ્વારા આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે વિશે કોઈ શંકા નથી. શિવજી, ભગવાન શ્રીકૃષ્ણ, ચૈતન્ય મહાપ્રભુ, તુલસીદાસજી અને આવા અનેક મહત્ પુરુષોની અનુભવસિદ્ધ સાક્ષી છે.

આનો અર્થ એમ નથી કે યંત્રવત્ જપ નકામા જાય છે. નકામું તો અહીં કશું જ જતું નથી. યંત્રવત્ જપ તો પ્રથમ સોપાન છે, તેમાંથી જીવંત અને આંતર્જપ નિષ્પન્ન થાય છે, થવા જોઈએ.

**૫. જપ જીવંત કેવી રીતે બને ?**

(૧) મનોયોગપૂર્વક જપ કરવા જોઈએ. આનો અર્થ એમ કે જપ સાથે મનને જોડીને જપ કરવા જોઈએ.

(૨) પ્રારંભમાં પરિણામ જોવા ન મળે તો નિરાશ ન થાઓ. જપ ચાલુ રાખો.

(૩) જીવનપદ્ધતિ અધ્યાત્મને અનુરૂપ ગોઠવવી જોઈએ. સાત્ત્વિક, સંયમી જીવનપદ્ધતિ અધ્યાત્મનો આધાર છે.

(૪) જપ કરનાર સાધકે પૂજા, પાઠ, યજ્ઞ, સત્સંગ, સ્વાધ્યાય આદિ સહાયક સાધનોનો યથાશક્ય વિનિયોગ કરવો જોઈએ.

(૫) જપ નિયમિત કરવા જોઈએ. અપવાદને અંદર ઘૂસવા દેશો નહિ.

(૬) વાચિક જપથી માનસજપ તરફ જવું જોઈએ.

**અનુસંધાન પેજ નં. ૧૧ પર**

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન | અમદાવાદ/યુ.એસ.એ. | ૫,૦૦૦/- |
| ૨. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૩. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૪. | રસીલાબહેન પ્રવિણભાઈ દેસાઈ | મુંબઈ | ૧,૦૦૦/- |
| ૫. | કિરીટકુમાર નટવરલાલ સરૈયા (સુપુત્રી ચિ. વિપાની વર્ષગાંઠ નિમિત્તે, ૩-૧૨-૧૯૭૧) | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૬. | હિમાંશુ કાંતિલાલ ચોટલિયા | સુરત | ૫૦૧/- |
| ૭. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૮. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૯. | કલ્પનાબહેન જશવંતલાલ ભાવસાર (સ્વ. જીવનસાથી શ્રી જશવંતલાલ કેશવલાલ ભાવસારની પુણ્યતિથિ નિમિત્તે) | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૦. | પૂજા મિનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## ‘હરિભાવ’ માસિકનું જાન્યુઆરી-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૭૯૬૨ | ભાવેશ મહેતા | મુંબઈ |
| ૭૯૬૩ | મયંક ઠક્કર | અમદાવાદ |
| ૮૫૪૮ | વિજયભાઈ કે. રૂપારેલ | થાણે |
| ૮૫૫૦ | હસમુખભાઈ વી. દેપાલા | અમદાવાદ |
| FAM૦૧૨૬ | ગીરીશ જોષી | કેનેડા |
| ૭૯૪૬ | હિતેશભાઈ દેસાઈ | સુરત |
| ૮૫૨૩ | જનાર્દન એન. પાઠક | અમદાવાદ |
| ૦૧૨૨ | મયંક તનસુખભાઈ પટેલ | મુંબઈ |

## ‘હરિભાવ’ માસિકનું ફેબ્રુઆરી-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૭૭૭૬ | બાબુભઆઈ એસ. પ્રજાપતિ | અમદાવાદ |
| ૭૧૬૨ | દિનેશભાઈ બી. ચોક્સી | અમદાવાદ |
| ૭૭૭૨ | દિપ્તિબેન વિજયભાઈ પટેલ | અમદાવાદ |
| ૭૭૭૩ | ઈશ્વરભાઈ ડી. પટેલ | સુરત |
| ૮૭૨૨ | નેહા ગુરનાની | અમદાવાદ |
| ૭૯૭૪ | પ્રદ્યુમ્ન જોશી | સુરત |
| ૭૯૭૩ | વિરેન બુદ્ધ | સુરત |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી છે તેઓ ‘હરિભાવ’નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે. - સંપાદક

# (૪) પ્રભુકૃપાથી પ્રતિકાર

'મોટા, ઇંદ્રિયલાલસાની પકડમાંથી નીકળવું ખરેખર ઘણું જ કપરું કામ છે. આ તો આપની કૃપા થાય તો થઈ શકે, કેમ કે અમે તો બંધાયેલા છીએ. આપ મુક્ત છો. તો આપ જ અમને આ બધામાંથી નોખાં રખાવી શકો ને ?'

**શ્રીમોટા :** એક રીતે જોતાં તમારી વાત ખરી છે. પણ કેવળ કૃપાની યાચના કરવાથી કામ ફળે નહિ. તમારો પુરુષાર્થ તો હોવો જ જોઈએ. તમારામાં ઘણી શક્તિઓ છે. પણ એ શક્તિઓ પ્રત્યે તમે જાગૃત નથી.

આપણામાં તટસ્થપણે વિચારવાની અને સમજવાની શક્તિ રહેલી જ છે. પણ ઘણા વખતથી એ શક્તિ ઢંકાયેલી પડી રહેલી છે. એટલે સુખદુઃખનાં બીજ વવાતાં હોય છે, ત્યારે આપણે તે પરિસ્થિતિમાં બેદરકાર રહીએ છીએ, અને પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ થઈ જઈએ છીએ.

હરણ ગમે ત્યાં રાચતાં હોય છે, ત્યારે પણ તેમને કોઈ હિંસક પ્રાણીનો સતત ભય રહ્યા કરે છે. ને ઓચિંતા હુમલામાંથી પણ બચી જઈ શકે છે. ભલે ભયને લીધે, પણ આ એક પ્રકારની સાવચેતીનું પરિણામ છે. એ જ રીતે, જો આપણે સુખદુઃખના પંજામાં સપડાવું ન હોય તો ઇંદ્રિયો ઉપર સતત આક્રમણ કરનાર—ને ઘણી વાર તો છૂપી રીતે આક્રમણ કરનાર, આપણી આસક્ત ઇચ્છાઓ, વિચારો, કર્મો વગેરે પ્રત્યે જાગૃત અને સાવધાન તો રહેવું જ પડશે. એટલું જ નહિ, પણ એનો પ્રતિકાર પણ કરવો જ પડશે. જો કે આવો પ્રતિકાર સહજ રીતે શક્ય નથી. આવો પ્રતિકાર તો ભાગવતી પ્રેમથી જ થઈ શકે. પણ આ માટે આપણામાં જાગૃતિવાળી ચેતના પણ હોવી જોઈએ. ભગવાનની કૃપાથી જ એવો પ્રતિકાર થઈ શકે છે, અને આપણાથી સતત સાક્ષીભાવ કેળવવાનું પણ ત્યારે જ બની શકે છે. 'પણ મોટા, અમે એવા ભાગવતી પ્રેમને કેવી રીતે મદદમાં લઈ શકીએ ?'

**શ્રીમોટા :** જેનામાં ભાગવતી પ્રેમ પ્રગટ થયો હોય એવા સત્પુરુષના હૃદય પ્રત્યે પ્રેમભક્તિભાવભર્યો સહકાર અને સહયોગ યોજવાથી આપણને એવા ભાગવતી પ્રેમનો સહારો મળી શકે છે.

'આપે ઇંદ્રિયોની ઇચ્છાઓની વાત કહી. પણ સાચી વાત કહું છું કે એ સંતોષાય તો આપણને ખૂબ જ સુખ અનુભવાય છે. આવા પ્રકારના ઇંદ્રિયના સુખને જ અમે સુખ માનતા આવ્યા છીએ. જ્યારે આપ આવી ઇચ્છા પ્રત્યે સાવધ થવાનું કહો છો એથી અમારું સાંસારિક વલણ ખુલ્લું થાય છે, અને અમે કેવી ખોટી વસ્તુને સાચી માનીને વળગેલા છીએ એનું ભાન જાગે છે.'

**શ્રીમોટા :** તમે આટલો સત્સંગ કર્યો એટલે આટલી વાત અમારાથી થઈ શકી. બાકી અમારે તો કોઈને કશું જ કહેવાનું નથી.

ભાઈ, ઇંદ્રિયોની સૂક્ષ્મ ઇચ્છાઓ એવી તો મીઠી અને બળવાન હોય છે કે તે સંતોષાય તો

જ આપણને સુખ વળે છે. આપણે તો આ સંસારના રોજિંદા વ્યવહારમાં ડૂબેલા છીએ. એટલે આપણને તો વળી ઇંદ્રિયની સૂક્ષ્મ ચાલબાજીની સમજણ જ ન પડે. જો એ સમજાય નહિ તો પછી એનો પ્રતિકાર કરવાનું તો સૂઝે જ ક્યાંથી ?

માટે હું તમને સતત આંતરનિરીક્ષણ કરવાનું કહું છું. આ પ્રકારના આંતરનિરીક્ષણથી આપણા અંતઃકરણનો સતત ચોકીપહેરો થતો હોય છે. આપણા સર્વને માટે આ ઘણું જ હિતકારક છે. એટલું જ નહિ પણ આપણા ભલા માટે અનિવાર્ય છે.

આ પ્રકારનો સતત અભ્યાસ કેળવતાં કેળવતાં જ્યારે એવી સ્થિતિ થાય કે પ્રત્યેક ઇંદ્રિય પોતપોતાના વિષયના પ્રસંગને કારણે સ્પર્શીને પાછી યથાયોગ્ય સ્થિતિમાં જ રહે ને કોઈ પણ પ્રકારના હર્ષ-શોકનો અતિરેક ક્યારેય ન થાય. જ્યારે આવા પ્રકારની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ આપણે અનુભવથી કહી શકીએ કે ઇંદ્રિયોના તે તે વિષયના સમભોગમાં દોષ નથી. આ સ્થિતિમાં ઇંદ્રિયો લોલુપ બનીને વિષયના ઉપભોગમાં તણાઈ જતી નથી. પણ વિષયના જરૂર જેટલા ભોગ પૂરતી જ ઇંદ્રિય ગતિ કરતી હોય છે.

આમ જ્ઞાનપૂર્વક સ્વાર્થરહિત વર્તન થયા કરે એવી સ્થિતિમાં ઇંદ્રિયોને લાવી મૂકવા માટે ખૂબ પ્રયત્ન કરવાથી જ બધાં સુખદુઃખનો નાશ થઈ શકશે. ઇંદ્રિયોને પોતાના વિષયમાં રસ લેતી બંધ કરી દીધા પછી જ આપણે બધી પરિસ્થિતિમાં યથાયોગ્ય વર્તન રાખી શકવાના છીએ. તેથી સૌથી પહેલું કામ તો આપણને જે જે વિચારો સ્ફુરે તેને કાઢી નાખવા માટે તે વિચારો પ્રત્યે સાક્ષીભાવ કેળવવા આપણે સતત મથવું રહ્યું.

'સુખનો માર્ગ', આઠમી આ. પૃ.૩૬-૩૮ ❑

---

**અનુસંધાન પેજ નં. ૯ નું ચાલુ**

(૭) જપમાં સંખ્યા તરફ દૃષ્ટિ ન રાખો. જપમાં સંખ્યા નહિ, ઊંડાણ મહત્ત્વનું છે.

(૮) જપમાં ઝડપ કરવી નહિ. શાંત ચિત્તે, શાંત ભાવે જપ થવા જોઈએ.

(૯) જપ સાથે ઇષ્ટદેવનું સ્વરૂપચિંતન, લીલાચિંતન કે ગુણચિંતન થવું જોઈએ.

(૧૦) નામમાં નિષ્ઠા, ઈશ્વરકૃપામાં શ્રદ્ધા અને જપમાં એકાગ્રતા હોવાં જોઈએ.

(૧૧) આંતર ચેતનાને જપ સાથે જોડીને જપ થવા જોઈએ.

આટલું થાય તો જપ જીવંત બની જાય છે. જપ જીવંત બને પછી તો સાધકની અધ્યાત્મપથ પર સડસડાટ ગતિ થાય છે.

**૬. સમાપન**

પરમ કૃપાળુ પરમાત્માએ ઘણી કૃપા કરીને જપરૂપી કલ્પવૃક્ષની આ પૃથ્વીના માણસોને ભેટ આપી છે. આ મહાવૃક્ષની છાયામાં બેસનારનું સદા કલ્યાણ જ થાય છે.

સાધક જ્યાં હોય ત્યાં, જેવો હોય તેવો નામજપ કર્યા કરે, તે સદા સર્વદા ઈષ્ટ જ છે.

લગે રહો મેરે ભાઈ ! અને સતત સ્મરણમાં રાખો. નામજપનું રહસ્ય છે - આંતર્સ્મરણ !

'જીવનનિષ્ઠ અધ્યાત્મ', પ્ર.આ., પૃ. ૪૫-૪૯ ❑

## (૫) 'પ્રભુમય જીવન' પુસ્તકની અનુવાદકની પ્રસ્તાવના (પહેલી આવૃત્તિ સમયની)

**શ્રી મણીલાલ નથુભાઈ દોશી**

જગતના જીવો જ્યારે સ્થૂલ ભુવનની ક્ષણિક, દુઃખગર્ભિત અને મળ્યા પછી પણ તૃપ્તિ ન આપતાં સુખનાં બીજાં સાધનોની લાલસા ઉત્પન્ન કરતી વસ્તુઓ પાછળ રાતદિન ભમ્યા કરે છે અને ખરું સુખ, શાંતિ અને આનંદ અનુભવવાના સત્ય માર્ગથી દૂર ભાગતા માલૂમ પડે છે; તે સમયે ખરી શાંતિ, શક્તિ, પ્રેમ, આરોગ્ય, આંતરપ્રતિભા વગેરે આત્માના શાશ્વત ગુણો તરફ લક્ષ દોરવા પ્રયત્ન કરવામાં આવે તો તે અતિ આવશ્યક ગણાવું જોઈએ.

મનુષ્ય પોતાનું ખરું સ્વરૂપ ભૂલી પોતાનાં સ્થૂલદેહ કે વાસના કે વિચારની સાથે પોતાનો અભેદ હોય એમ માની ઘણું જ સંકુચિત, સ્વાર્થમય અને બળહીન જીવન ગાળે છે. પોતાનું ખરું સામર્થ્ય શું છે, તેનો તેને લેશ પણ ખ્યાલ નથી. પોતાના વિચારમાં કેટલું અનંત બળ છૂપું રહેલું છે, તેનું તેને ભાન પણ નથી. ખાનપાન, ધનપ્રાપ્તિ અને વંશવૃદ્ધિ કરવામાં જ જીવનની મહત્ત્વાકાંક્ષાની પર્યાપ્તિ થતી હોય, એમ જેઓને લાગે છે; તેઓનું જીવન કેવળ દુઃખમય, ક્લેશમય, અશાન્ત અને આનંદરહિત હોય તેમાં આશ્ચર્ય શું !

જગતમાં એવા ઘણા મનુષ્યો છે કે જેઓની આંખ પર સહજ પડળ વળેલું છે. તેઓને આ પુસ્તકમાં વર્ણવેલો કિંમતી બોધ અવશ્ય લાભકારી થશે એમ મને લાગે છે. આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો આ પુસ્તકમાં એવા તો સરળ રૂપમાં અને એવી તો સચોટ રીતે ઉપદેશવામાં આવ્યા છે કે જરા ઊંડો વિચાર કરનારને તેનું સત્ય સમજાયા વિના રહેશે નહિ.

આત્મા-પરમાત્માની એકતાનો અપૂર્વ સિદ્ધાંત એ આ પુસ્તકનું બીજ છે. જેટલા પ્રમાણમાં મનુષ્ય જ્ઞાનપૂર્વક તે એકતાનો સ્વીકાર કરી તેનો અનુભવ કરવા પ્રયત્ન કરે છે, તેટલા પ્રમાણમાં પરમાત્મામાં રહેલી શક્તિ, શાંતિ, આરોગ્ય, જ્ઞાન વગેરે તે પ્રાપ્ત કરી શકે છે.

આ અનુભવ કરવા માટે પ્રભુએ આપણને મોટામાં મોટું સાધન જે આપ્યું છે તે વિચારશક્તિ છે. મનુષ્ય પોતાની ભાવના પ્રમાણે સૂક્ષ્મ સૃષ્ટિ રચે છે, અને તે ભાવના વધારે દૃઢ અને નિયમિત થતાં તે સૂક્ષ્મ સૃષ્ટિ સ્થૂળરૂપમાં પ્રકટ થાય છે. છાંદોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કે : अथ खलु क्रतुमयः पुरुषः ।

મનુષ્ય વિચારની કૃતિ છે; જેવો વિચાર કરે છે તેવો તે થાય છે. ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેડર્જુન તિષ્ઠતિ । હે અર્જુન ! પ્રભુ સર્વના હૃદયમાં રહેલા છે. પાપીમાં પાપી અને મહાત્મામાં પણ તે જ પ્રભુની શક્તિ કામ કરી રહેલી છે. ભેદ માત્ર ઉપાધિનો છે. સ્વરૂપમાં પ્રભુ અને મનુષ્ય એક છે; માટે મનુષ્યના સ્થૂલ કે સૂક્ષ્મ શરીર તરફ નજર ન કરતાં તેની અંદર રહેલા પ્રભુ તરફ દૃષ્ટિ કરવાનું આ પુસ્તક શીખવે છે. જે મનુષ્ય આ પ્રમાણે પોતાના શરીરની અંદર રહેલા પ્રભુને અનુભવે છે, તે જ મનુષ્ય બીજાઓનાં વિવિધ શરીરોમાં અને સર્વમાં રહેલા પ્રભુને જોવા સમર્થ થઈને પાપિષ્ઠ મનુષ્યથી પણ દૂર

નહિ ભાગતાં તેને સીધે માર્ગે લાવવા સ્વાભાવિક પ્રેમથી દોરવાય છે.

'તમારા આત્મામાં રહેલા દિવ્ય સામર્થ્યમાં વિશ્વાસ રાખો; તમેજ તમારા ભવિષ્યના નિયંતા છો; તમારામાં મહાત્મા, ઋષિ, જગદ્દુદ્ધારક, બુદ્ધ, તીર્થંકર કે પેગંબર થવાનું બળ છૂપુ રહેલું છે તેને પ્રકટ કરો.' એ બોધની ઉદ્‌ઘોષણા બહુ ભાર દઈને આ પુસ્તકમાં કરવામાં આવેલી છે.

પ્રિય વાચક ! આવી અનેક ઉત્તમ ભાવનાઓથી ભૂષિત અમૂલ્ય પુસ્તક લખવાનું પૂર્ણ માન તેના મૂળલેખક સાધુચરિત, જીવદયાના હિમાયતી રાલ્ફ વાલ્ડો ટ્રાઈન નામના એક અમેરિકન વિદ્વાનને ઘટે છે. તેઓ પ્રખ્યાત તત્ત્વવેત્તા ઇમર્સનના વિચારોના અનુયાયી છે અને પૂર્વદેશની ભાવનાઓ પાશ્ચાત્ય સ્વાંગમાં તેઓ એવી મનોહરરૂપે અને સ્વાનુભવના બળ સાથે રજૂ કરે છે કે, આપણે તે ભાવનાઓને આપણી માતૃભાષામાં પાછી લાવવા આકર્ષાઈએ એ અસ્વાભાવિક નથી. આ 'પ્રભુમય જીવન' નામનું પુસ્તક તે વિદ્વાન અનુભવી ગ્રંથકારે લખેલા 'ઈન ટ્યૂન વિથ ધી ઈન્ફિનિટ' નામના ગ્રંથનો અનુવાદ છે. શબ્દશઃ ભાષાંતર કરવા જતાં ભાવનાને ક્ષતિ પહોંચવાનો વિશેષ સંભવ રહે છે; માટે તે પુસ્તકની ભાવનાઓને સમજી આપણી માતૃભાષામાં તે ઉતારવાનો આ પ્રયત્ન છે, તે કેટલે અંશે સફળ થયો છે તે વિચારવાનું કામ વાચકવૃંદને સોંપું છું. જ્યાં જ્યાં ઉત્તમતા દેખાય ત્યાં સર્વ માન તેના મૂળ લેખકને ઘટે છે. જ્યાં કાંઈ ન સમજાય અથવા અપૂર્ણતા લાગે ત્યાં દોષ આ લેખકનો છે, એમ માનવું.

મૂળ અંગ્રેજી પુસ્તકના નામનો શબ્દશઃ અર્થ કરીએ તો આ પુસ્તકનું નામ 'અનંત સાથે એકતા અથવા તો અનંત તત્ત્વ સાથે અભેદ' એને મળતો થાય છે, અને તેનો જ ભાવાર્થ લઈ 'પ્રભુમય જીવન' એ નામ રાખ્યું છે. રાવ બહાદુર રમણભાઈ મહીપતરામે એ જ મથાળાવાળું જે ઉત્તમ કાવ્ય લખેલું છે, તે અત્રે મૂકવું ઉચિત ધારું છું.

**પ્રભુમય જીવન (તોટક છંદ)**

મુજ જીવન આ પ્રભુ તુંથી ભરું,
બલ દે, અભિલાષ હું એહ પૂરું;
મુજ દેહ વિષે વળી આત્મ વિષે,
જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.
મુજ રક્ત વિષે, મુજ નાડી વિષે,
મુજ દૃષ્ટિ વિષે, મુજ વાણી વિષે;
મુજ તર્ક વિષે, મુજ કર્મ વિષે,
પ્રભુ ! વાસ વસો મુજ મર્મ વિષે.
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં !
મુજ જીવન કેરું રહસ્ય ઊંડું,
બન પ્રેરક ચાલક શાસક તું.
ધરીને ઉરમાં રસની પ્રતિમા,
જહીં ઉન્નતિનો સ્થિર છે મહિમા
સ્મરી આકૃતિ એ નિજ પીંછી ધરે,
અનુસાર જ ચિત્ર પછી ચીતરે.
જયમ ચિત્રાક એ મનમૂર્તિ વડે,
બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે,
મુજ લેખન તે તુજ સાક્ષી પૂરે.
પ્રભુ મુદ્રિત અંકિત તું હૃદ્‌માં,
કૃતિ આ બધી તન્મય હો જગમાં;

મુજ વર્તનથી છબી જે બની રે,
તુજ ઉજ્જવલ રૂપની ઝાંખી દિયે.

૧૯૦૨માં આ પુસ્તક પ્રથમ મારા વાંચવામાં આવ્યું ત્યારથી એ પુસ્તકના વિચારોની ઉત્તમતા જોઈ તે પર મને સ્વાભાવિક પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. કારણ કે તેમાં આર્ય શાસ્ત્રોની મહાભાવનાઓ સાંકેતિક શબ્દોના વમળમાં નાખ્યા વિના બુદ્ધિ અને હૃદય બંનેને રુચે તેવા રૂપમાં પ્રકટ કરવામાં આવેલી છે. ૧૯૧૪માં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના મંત્રી સ્વામીશ્રી અખંડાનંદજીની ઇચ્છાથી મેં તેનો અનુવાદ કરવાનું કામ હાથ ધર્યું, પણ અવકાશ ઓછો હોવાથી તે કામને ધાર્યા કરતાં વધારે વિલંબ થયો છે.

આ અનુવાદ તૈયાર થયા પછી તે તપાસી તેમાં યોગ્ય ફેરફારો સૂચવવા માટે મારા સ્નેહી મિત્ર રા. રા. ગણેશ બચાજી સપ્રે બી એ. તથા સ્વામીશ્રી અખંડાનંદજીનો આ સ્થળે હૃદયપૂર્વક આભાર માનું છું.

રતનપોળ, અમદાવાદ.
વિ.સં. ૧૯૭૨; જયેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા
'પ્રભુમય જીવન', પૃ. ૭-૧૦ (સાભાર) ❑

(તેના લેખ હવે પછી આપવાની યોજના છે. - સંપાદક)

**અનુષ્ટુપ**

વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,
મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં,
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

'ભાવજ્યોતિ', પ્ર.આ. પૃ.૪૬ - **શ્રીમોટા**

**અનુસંધાન પેજ નં. ૧૬ નું ચાલુ**

ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશ પામીએ ત્યારે જે શક્તિની મદદ વિના શ્રેયાર્થીને બિલકુલ ચાલી શકવાનું નથી તે આવી મળે છે. અને તે કાળે તે સૂક્ષ્મતમ ભૂમિકાઓમાં જે દેવાસુર સંગ્રામ પ્રગટે છે એનો સામનો કરવા આ એક જ ભગવતી માની શક્તિ ખપમાં લાગે છે. જેમ દેવાસુર સંગ્રામમાં દેવો હારી જતાં વિષ્ણુ ભગવાન કને દોડી જઈને દેવો શક્તિમાન થઈને ફરીથી અસુરો સાથે બાથ ભીડી તેમને હરાવે છે, તેમ આ ક્ષેત્રમાં પણ કુંડલિની શક્તિની મદદથી અસુરોને હરાવીને અધ્યાત્મનાં શિખરો સર કરી શકાય છે. એ ભગવતી મા ત્યારે આપણે પડખે હોય તો જ આપણે ત્યાં ટકી શકીએ. અને હારતાં હારતાં પણ એ ભગવતી મા જ આપણને ત્યારે લડવાને જે શક્તિ આપે છે, એ તો તે યુદ્ધના પાકા ખેલાડી સમજી શકે, પરંતુ આજકાલ તો જેને તેને કુંડલિની શક્તિ જગાડવાની વાત ચાલે છે, તે નરી મૂર્ખામી લાગે છે. આમ કહેવા માટે મને માફ કરશો.

જેમ કોઈ દારૂડિયો, લફંગો, લુચ્ચો, પ્રપંચી હોય એને કોઈ ભાગ્યસંજોગે અઢળક લક્ષ્મી મળી જાય તો, વિચાર કરી જુઓ, તેનો કેવો ઉપયોગ થાય ? તેવી જ રીતે જે કોઈ શ્રેયાર્થી કે જીવનવિકાસ માર્ગના સાધકના આધારમાં કુંડલિની શક્તિનો ઉપયોગ કરવાની કળા, કળાની યોગ્ય ભૂમિકા પ્રગટી નથી એવા જીવને કોઈ પણ સદ્‌ગુરુ કુંડલિની જાગૃત નહિ કરાવે. આ મારી અનુભવની સમજણ છે.

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', ત્રી.આ., પૃ. ૬૧-૬૫
સંપાદક - રતિલાલ મહેતા ❑

# (૬) પ્રાણાયામ અને કુંડલિની

શ્રીમોટા

**પ્રશ્ન :** આપે પ્રાણાયામ અને કુંડલિની વિશે કંઈ ખાસ કહ્યું કે લખ્યું લાગતું નથી, જ્યારે ઘણા મહાત્માઓ તેના પર ખૂબ ભાર મૂકે છે અને એને વિશે ઘણી ચર્ચાઓ થાય છે, તો તે વિશે આપ કાંઈ કહેશો ?

**ઉત્તર :** પ્રાણાયામ એ યોગની ઉત્તમ ક્રિયા છે. પ્રાણની ક્રિયાથી પ્રકૃતિને વશ કરી શકાય છે. દ્વંદ્વ અને ગુણ પર રચાયેલી પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરાવવા માટે પ્રાણાયામ એ ટૂંકો માર્ગ છે. એ સહેલામાં સહેલો છે, છતાં અઘરામાં અઘરો છે.

પ્રાણાયામ કોણ કરી શકે ? મારી સમજણ પ્રમાણે કોઈ પણ સંસારી સુખ ભોગવનાર સ્ત્રીપુરુષ પ્રાણાયામ કરી ના શકે. હા, સામાન્ય, સાદો પ્રાણાયામ તે કરી શકે. પણ જેને પ્રકૃતિનું રૂપાંતર કરવું છે. તેને માટે અઘરા પ્રાણાયામની જરૂર છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય જેના જીવનમાં એકધારું, ચેતનવંતું પ્રગટેલું છે, તેવો જ માણસ આવી જાતનો અઘરો પ્રાણાયામ કરી શકે છે, કેમ કે પ્રાણાયામમાં મુખ્ય આધાર છે શ્વાસ. એ માટે ફેફસાં એવાં મજબૂત હોવાં જોઈએ કે શ્વાસની એકધારી એની ગતિમાં જરા પણ ફરક ના પડે. એ લેવામાં અને મૂકવામાં, એટલું જ નહિ પણ ત્યાં ફેફસાંની અંદર પણ એકધારો ટકવામાં, એટલું જ નહિ પણ ફેફસાંમાં 'વેક્યુમ' (પોકળ જગ્યા) પ્રગટે ત્યારે અમુક જાતની એકધારી સમતુલના પ્રગટાવવાની શક્તિ માત્ર બ્રહ્મચર્યમાં જ રહે છે, બીજી કોઈ સ્થિતિમાં એવી શક્યતા નથી.

આપણાં ફેફસાંની ગતિ ઉપર જ મનુષ્યના જીવનનો આધાર છે અને આ શ્વાસની ગતિ ઉપર જ કામક્રોધાદિ છે, એ કોઈને સમજ નહિ પડે. જો અત્યંત કામાતુર કોઈ હોય તો તેનાં ફેફસાંની ગતિ સમજી લો, તપાસ કરાવી લો, નાડીથી પણ સમજાય. મોહની આત્યંતિક તીવ્રતામાં, એવી રીતે અત્યંત લોભમાં અને ગુસ્સામાં હોઈએ તો લોહીનું ફરવું નાડીથી, શ્વાસથી સમજાઈ જાય. એવા માણસો આજે પણ આપણા દેશમાં છે, કે જેઓ આપણા શ્વાસ ઉપરથી આપણી માનસિક સ્થિતિનો ક્યાસ કાઢી શકે છે, પણ તેઓ તેમ કહેતા હોતા નથી. ત્યારે મનુષ્યના જીવનનું પ્રત્યક્ષ પ્રમાણ તો શ્વાસ છે. એ શ્વાસને અમુક પ્રકારની નિયમિતતામાં પ્રગટાવવા પ્રાણાયામ બહુ મોટો ભાગ ભજવે છે, પણ એ પ્રાણાયામ ગમે તેવા જણ પાસે શીખવા બેસશે તો લાભને બદલે ગેરલાભ જ થશે, કેમ કે શ્વાસનું નિયમિતપણું તેઓ નહિ પ્રગટાવી શકે. એટલે મારી પાસે કોઈ પ્રાણાયામ શીખવા આવે તો હું ના જ કહી દઉં છું કે મને તે આવડતું નથી.

હવે, કુંડલિની વિશે : કુંડલિની આપમેળે જાગે એ સર્વથી શ્રેષ્ઠ. કોઈ પણ ચેતનામાં પ્રગટેલો આત્મા કોઈ પણ શ્રેયાર્થીની ભૂમિકા પરિપક્વ થઈ ના હોય તેવાની કુંડલિની તે જાગૃત ના કરાવે. કુંડલિની આપમેળે જાગૃત થતી હોય તો તે ઉત્તમ. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિ મોળા પડ્યા નથી

ત્યાં સુધી કુંડલિની તમારી જાતે ઉઠાવવાનું કરો તો અધોપાતને નોતરવા જેવું છે. ભગવાનની ભક્તિમાં જ્યારે આપણને રસ લાગે છે ત્યારે કુંડલિની આપમેળે જાગે છે.

એ કુંડલિની જાગૃત થાય એવા પ્રકારની સાધના અને વિધિ-પ્રક્રિયા છે, એ વાત સાચી. અને એવી શક્તિ મેળવીને એવી પ્રચંડ શક્તિથી જીવદશામાંથી ચેતન અવસ્થામાં પ્રગટવા માટે જ એકમાત્ર તેનો ઉપયોગ હોવો ઘટે.

કુંડલિની શક્તિ એ ભગવતશક્તિ છે અને એનો ભગવાન સિવાય બીજા કશામાં ઉપયોગ હોઈ જ ના શકે. ભગવાનની સ્થિતિમાં જીવતુંજાગતું ચેતનાત્મકપણું પ્રગટાવવા માટે જ તે વપરાય. એવી જ્ઞાનપૂર્વકની, ભક્તિપૂર્વકની સભાનતા તેના ઉપયોગને માટે અને હેતુને માટે આપણા દિલમાં જાગેલી હોવી જોઈશે. અને એવું હોય તો જ એનો ઉપયોગ થઈ શકે. એવા પ્રકારની જે શ્રેયાર્થીની ભૂમિકા પાકેલી ના હોય તેનામાં કોઈ પણ સદ્‌ગુરુ કુંડલિની જાગૃત કરે નહિ, કારણ કે ચેતનામાં પ્રગટેલો કોઈ પણ ગુરુ કુંડલિની શક્તિનું મહત્ત્વ સમજતો હોય છે. કોઈ પણ સદ્‌ગુરુ કાચાપોચાને તે કરી શકે નહિ, કરે તો તે સદ્‌ગુરુ નહિ. બાકી, આજકાલ તો અખાએ કહ્યું છે તેમ આ બધું 'અંધારા કૂવા' જેવું છે.

ભગવાનની ભક્તિ માટે જેની આંખ જરા સરખી પણ ખુલ્લી છે તેવાને માટે મારી પ્રાર્થના છે, કે ભગવાનના માર્ગમાં 'શોર્ટ કટ' ટૂંકો રસ્તો નથી અને આ માર્ગ તો તપ, ત્યાગ અને પરમાર્થ માગી લે છે. અને તે માટે તમારામાં કેટલી ભાવના છે, તે ઊંડા પેસીને તપાસી જુઓ. જે કોઈ શ્રેયાર્થી કે તેવા પ્રત્યેક શ્રેયાર્થીના જીવનમાં જ્યારે આ તપ, ત્યાગ અને પરમાર્થ એકધારાં પ્રવર્તતાં હોય તો તેણે પ્રભુકૃપાથી સમજી લેવું ઘટે કે આપણે આ શ્રેયના માર્ગના યાત્રી છીએ. એટલે જેઓને દિલની થોડી ઘણી અભિરુચિ પ્રગટી છે, તેમને તો મારી પ્રાર્થના છે કે ભાઈઓ, આ ત્યાગ, તપ અને પુરુષાર્થનો માર્ગ પકડો અને ભગવાનને માટે આગ બળે તેવી તીવ્રમાં તીવ્ર ઝંખના જાગવા દો અને આ કુંડલિની શક્તિ જગાડવા કે તેની પાછળ ઉત્સાહ ધરાવો નહિ. ભગવાન માટેની ભાવના આપણા જીવનમાં અખંડાકાર થતાં તે આપમેળે પ્રગટવાની છે. અને એ કુંડલિની ભવાની માતાની પ્રસન્નતા વિના એ સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રોમાં સંગ્રામ ખેલી શકવાના નથી. એ માતાની સંપૂર્ણ પ્રસન્નતા પામીને જ ભગવાનનાં દ્વાર ખોલી શકવાના છીએ, એ વાત પણ એટલી જ સાચી છે, પરંતુ આ કાળમાં જે ને તે બધા આ કુંડલિની વાત લઈને બેઠેલા છે અને છાપાંમાં અને માસિકોમાં આ બધી વાત લખાય છે, તે મને તો બિલકુલ બંધબેસતી લાગતી નથી અને આ એક પ્રકારની નરી અંધાધૂંધી જેવી લાગે છે.

કોઈ એકદમ બી.એ. થઈ શકતું નથી અને એ થતાં પહેલાં કેટલાં બધાં વર્ષો ગાળવાં પડે છે ત્યારે બી.એ. થવાય છે ! આ એક સ્થૂળ અભ્યાસની વાત છે, તો પેલી એક સૂક્ષ્મતમ દિવ્ય ભૂમિકાની હકીકત છે અને તે પણ સાધના કરતાં કરતાં કોઈ સાધનાની

**અનુસંધાન પેજ નં. ૧૪ પર**

## ૬-અ. એક પ્રસંગ

**મુકુલચંદ્ર રસિકલાલ શાહ**

મારા જીવનમાં પૂજ્ય શ્રીમોટાનો પરિચય મારી ૧૬ વરસની ઉંમર હતી ત્યારે તેમનો જન્મોત્સવ કે જે અમદાવાદમાં ઉજવાયો હતો. ત્યારે થયો હતો. આ ઉત્સવના યજમાન તરીકે શ્રી લક્ષ્મીપ્રસાદ અમીન સાહેબ હતા. અમીન સોસાયટીમાં સ્ટેડિયમ પાસે સરદારશ્રીના બાવલા પાસે ઉજવાયો હતો.

સવારનું ખુશનુમા વાતાવરણ હતું. મથુરીબેન ખરેના કંઠે મધુર ભજનો ગવાયાં હતાં જેમાં પૂજ્ય શ્રીમોટાનું પ્રિય ભજન 'ઊંચી મેડી તે મારા સંતની રે' ગવાયું ત્યારે દરેક સ્વજન ભાવવિભોર થઈ ગયા હતા. પૂજ્ય શ્રીમોટાને સફેદ અને ગુલાબી પુષ્પોની માળા પહેરાવવામાં આવી હતી. માથા ઉપર પાઘડી પૂષ્પોની હતી. બંને હાથ ઉપર ફુલના ગજરા પહેરાવવામાં આવ્યા હતા.

પૂજ્ય શ્રીમોટા મને ખુશખુશાલ જણાયા હતા. નિત્ય પ્રાર્થના તથા આરતી પછી પૂજ્ય શ્રીમોટાનું પ્રવચન હતું.

પૂજ્ય શ્રીમોટાએ જણાવેલ કે આ દેહ જેને શરીર કહીએ છીએ તે ઘણા રોગોથી ભરેલું છે. માટે આ શરીર કોઈને કામ આવી શકે તેમ નથી. છતાં તમારા બધાંની મારા પ્રત્યેની સદ્ભાવનાને કારણે હું સમાજ ઉપયોગી કામો કરી રહ્યો છું. મારે સમાજને બેઠો કરવો છે તે માટે તમારા બધાના સહકારની જરૂર છે. જેથી મારું કામ સરળ બનશે. મારા સાધક મિત્રો આપની પાસે થેલી લઈને આવશે તેમાં યથાયોગ્ય ફાળો આપજો. આમ થેલી ફરવા લાગી તેમાં સાધકોએ પોતાના તરફથી દાગીના, બંગડીઓ તથા રોકડ રકમથી થેલી છલકાવી દીધી હતી. ગુરુવંદનામાં પણ સારી એવી રકમ મળી હતી.

પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું હતું કે આ રકમ આશ્રમના નિભાવ માટે નહિ પરંતુ બાળકોના ભણતર માટેના ઓરડાઓ જે ગામોમાં નથી ત્યાં ઓરડા બનાવવામાં વપરાશે. તેના હિસાબ બીજા ઉત્સવમાં આપવામાં આવશે.

ત્યારબાદ શ્રી સી.ડી.શાહ સાહેબે આશ્રમનો ઓડિટ કરેલો હિસાબ સૌ સમથી વાંચી સંભળાવેલ તથા નવા કામોની માહિતી આપી હતી. ત્યારબાદ પૂજ્ય શ્રીમોટાનું પ્રિય ભોજન ખીચડી, કઢી, બટાકારીંગણનું શાક ખાઈને સહુ વિદાય થયા હતા. આમ મને પૂજ્ય શ્રીમોટાનો પરિચય પચાસ વરસ પહેલા થયો. તે મને આજ પણ એટલો જ તાજો છે.તે વાત આપ સૌ સમક્ષ રજૂ કરી છે. સૌને હરિઃૐ.

**જાહેર વિનંતી અને જાણકારી**

'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળની મિટિંગમાં ઠરાવ થયા મુજબ જાન્યુઆરી, ૨૦૨૪થી 'હરિભાવ'નું લવાજમ નીચે મુજબ લેવાશે. જેની સૌ સ્વજનોએ નોંધ લઈ સહકાર આપવા વિનંતી છે.

**વાર્ષિક લવાજમ : ભારતમાં રૂ. ૨૦૦-૦૦ ● વાર્ષિક લવાજમ પરદેશ : રૂ. ૧૫૦૦-૦૦ (એરમેલથી)**

## (૭) 'કર્મ દ્વારા યોગસાધના' : એક અભ્યાસ

શ્રી કાર્તિકેય અ. ભટ્ટ

('The art of translation, a specially of a great work, ten times attentive reading is writing, ten times attentive reading is writing. Hundred times writing is translating' શ્રીરમણમહર્ષિના આ વિધાન અનુસાર પ્રા. શ્રી મકરંદ બ્રહ્માએ ઘણું જ કઠિન કાર્ય શ્રીઅરવિંદના યોગવિષયક પત્રો પર આધારિત ઉપરોક્ત શિર્ષકથી એક પુસ્તિકાના સર્જન દ્વારા પાર પાડ્યું છે. આ પુસ્તિકામાં શ્રી બ્રહ્માએ સીધો અનુવાદ કરવાને બદલે તેને ભાવાનુવાદ સાથે ગુજરાતી ભાષામાં રજૂ કરવાનો સફળ પ્રયાસ કર્યો છે. શ્રી ઑરોમા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ પુસ્તકનો શ્રી કાર્તિકેય ભટ્ટ થકી થયેલ અભ્યાસને અત્રે લેખરૂપ પ્રકાશિત કરીએ છીએ. જેમાં શ્રીમોટાના સંદર્ભો અપાયા છે. - સંપાદક)

'સ્વાન્તઃ સુખાય' થયેલ અભ્યાસને 'હરિભાવ' પ્રકાશિત કરે છે તે મારે માટે આનંદની વાત છે.

શ્રીરમણ મહર્ષિની જેમ જ શ્રીઅરવિંદે આંશિક અને પૂર્ણ સમર્પણની વાત કરી છે. શરૂઆત આંશિક સમર્પણથી થાય છે અને અંતે તે પૂર્ણ સમર્પણમાં પરિણમે છે. શ્રીઅરવિંદ સીધા સમર્પણ તરીકે પણ સમજાવે છે. શ્રીઅરવિંદે દિવ્યશક્તિની વાત કરી છે. શ્રીરમણમહર્ષિએ કહ્યું છે કે જો તમે અહંકારથી થોડા ઉપર ઊઠશો તો સમજાશે કે કોઈ દિવ્યશક્તિ તમારી પાસેથી કામ લઈ રહી છે.

આસક્તિ જ દુઃખનું મૂળ છે. શ્રીઅરવિંદે આ આસક્તિમાંથી છૂટવાના ઉપાયો સૂચવ્યા છે. જેમ કે બધી જ વ્યક્તિઓ કે ઘટનાઓ તરફ સમત્વનો ભાવ વિકસાવવો તથા પ્રત્યેક કર્મમાં પરમાત્માને સ્મરણમાં રાખવો. 'યોગઃ કર્મસુ કૌશલમ્'નો વિશિષ્ટ અર્થ કરતાં શ્રી શ્રીમા આનંદમયીએ કહ્યું છે કે પ્રત્યેક ઘટનાની અંદર તેના મહાપ્રકાશને જોવો તે છે. પૂજ્ય શ્રીમોટાએ પ્રકૃતિના ગુલામ નહિ, સ્વામી બનવાની વાત કરી છે. શ્રીઅરવિંદે તેને માટેનો માર્ગ દર્શાવ્યો છે. શ્રી બ્રહ્માએ ગુજરાતી ભાષામાં 'CALM' શબ્દનો વ્યાપક સ્થિરતા અર્થ દર્શાવ્યો છે. જે અવસ્થાને બહુ સારી રીતે સ્પષ્ટ કરે છે.

'માત્ર માનસિક પ્રયત્નથી થતી સાધના હંમેશા મુશ્કેલ અને ધીમી હોય છે.' સાધકો માટે અમારા જેવા મથતા જીવો માટે આ બહુ જ મોટી દોરવણી છે. એવરેસ્ટ સર કરવા માટે આરોહ-અવરોહમાંથી પસાર થવું પડે છે. શ્રી અરવિંદ યોગસાધનામાં 'અંધારાગાળાની' વાત કરે છે. તથા તે સમાપ્ત થતાં ફરી પાછા સૂર્યની માફક બહાર આવવાની વાત કરે છે. શ્રીરમણ મહર્ષિ કહે છે કે છોડઉછેર અંધારા અજવાળાની વચ્ચે થતો હોય છે. જેને જીવની Dark Night of the Soul કહે છે.

શ્રીઅરવિંદે વાણીવ્યવહારમાં સત્યપાલનની વાત કરી છે. આજીવન સત્યાચરણ કરનારા

તથા સત્યના આગ્રહી વિમલાબહેન ઠકાર કહે છે કે એક વાર તમે સત્યાચરણ શરૂ કરો પછી ઈશ્વર તમારી આસપાસ જ રહે છે તથા સર્વ મુશ્કેલીમાં તમને મદદ કરે છે. તમારી ચિંતા એ ઉપાડી લે છે.

શ્રીઅરવિંદ કહે છે કે, 'કર્મનું બાહ્ય સ્વરૂપ નહિ કર્મ પાછળનો ભાવ મહત્ત્વનો છે.' 'અરૂપાંતરિત પ્રકૃતિ હંમેશા ગમા-અણગમાથી દોરવાતી હોય છે. અક્રમવિજ્ઞાની દાદા ભગવાને બહુ જ સુંદર વાત કરી છે કે જો તમે આશક્ત થઈને કર્મ કરો તો નવું પ્રારબ્ધ – નવું કર્મ ઊભું કરો છો અને અણગમા સાથે કર્મ કરો તો પૂર્વના કર્મોનો - પ્રારબ્ધનો ક્ષય કરો છો. ઉપાય નિષ્કામભાવે લેપાયા વગર કર્મ કરવાનો છે. અહંકારનો ભાગ કરીને કર્મ કરવાનો છે. શ્રીરમણમહર્ષિ યોગઃ કર્મસુ કૌશલમ્ તો આ જ અર્થ કરે છે. શ્રીઅરવિંદે કહ્યું છે કે 'કર્મ કરતી વખતે પ્રાણની મજાનો ભાવ હોય તો તે થાકને ખિન્નતાનો અનુભવ કરાવે છે. જ્યારે ચૈતન્ય પુરુષનો શાંત અચલ ભાવ હોય તો એ કર્મને પ્રસન્ન અને સરળ બનાવે છે.'

પત્રોના ત્રીજા વિભાગમાં શાથી આદિ શંકરાચાર્ય કર્મને સ્વભાવથી જ અજ્ઞાનનું કાર્ય માને છે; તેની સ્પષ્ટતા કરીને કર્મ કરતી વખતે પોતાના દ્વારા કાર્ય કરતી દિવ્ય શક્તિ પોતાના કરતાં વધુ મહાન છે. તે સાધકને બરાબર સ્મરણમાં રાખવા જણાવે છે. આ બાબતને મહાત્મા ગાંધીજીનાં કર્તા 'કરતાં કૃતિ વધુ મહાન હોય છે' એ વિધાન સાથે મૂકી શકાય તેમ છે. શ્રીરમણમહર્ષિ શંકરાચાર્યનો અવતાર મનાય છે. તેઓએ આત્મવિચારના માર્ગને - 'હું કોણ ?' ની શોધને કર્મ સાથે સાંકળી એક નવો ચીલો પાડ્યો છે. શ્રીઅરવિંદ લખે છે કે, 'સાધક સંસારની વાસ્તવિકતાની ભ્રાન્તિમાંથી છૂટી ગયો હોવાથી કર્મ અથવા સંસાર તેને ભારરૂપ લાગતો નથી.' 'શ્રીરમણમહર્ષિ આવી જિજ્ઞાસાના સંદર્ભે સાધકને વારંવાર સામે પ્રશ્ન પૂછે છે કે, 'સંસાર કે દુનિયામાં તમે છો કે સંસાર કે દુનિયા તમારામાં છે ?'

શ્રી ગોપીનાથ કવિરાજના ગુરુ સૂર્યવિદ્યાના પ્રખરજ્ઞાતા શ્રી વિશુદ્ધાનંદજી કર્મયોગની તરફેણ કરતા કહે છે કે કોઈ પણ યોગના માર્ગમાં પછી તે જ્ઞાનમાર્ગ હોય કે ભક્તિમાર્ગ હોય કર્મ અનિવાર્ય છે. જ્યાં સુધી દેહાત્મક બુદ્ધિ છે ત્યાં સુધી કર્મ અનિવાર્ય છે. શ્રી અરવિંદ લખે છે કે, એક સ્થિતિ એવી આવે છે કે જ્યારે તેને (સાધકને) માટે કર્મની અનિવાર્યતા રહેતી નથી. જો તે પ્રાણ અને મનની પેલે પાર ગયો હોય તો પછી કર્મ અનિવાર્ય રહેતું નથી. આ સંદર્ભમાં ઠાકુરે માસ્ટર મહાશયને તેમની ઠાકુર સાથેની પ્રથમ મુલાકાત વખતે બહુ જ સુંદર વાત કરી હતી. ઠાકુરના શબ્દોમાં જ તે આ પ્રમાણે છે : 'જ્યારે એક વાર હરિનામ અથવા એકવાર રામનામનું ઉચ્ચારણ કરતાં રોમાંચ થાય, આંખમાંથી આંસુ ઝરે, તો જરૂર જાણવું કે સંધ્યા વગેરે કર્મો કરવાની જરૂર રહી નથી, ત્યારે કર્મત્યાગનો સમય થયો છે. ત્યાર પછી કેવળ રામનામ કે હરિનામ કે માત્ર ૐકારનો જપ કરે એટલે થયું. સંધ્યાનો ગાયત્રીમાં લય થાય, ગાયત્રીનો ૐકારમાં લય થાય.' ક્રમશ...❑

## (૮) કૃપા એ આત્મશક્તિ છે

**શ્રીમોટા**

કૃપા એ આત્મશક્તિ છે. **હરિ**ની લાડલી શક્તિ છે. આથી સર્વત્ર છે. વળી, એ શક્તિ પ્રગટ થઈ સક્રિય બને છે ત્યારે તે સાથે **હરિ** પણ હોય છે. એ કૃપાશક્તિનો ઉપયોગ આત્મકલાના વિકાસ કાજે જ થઈ શકે. કૃપાની આ કાજેની સહાય માટેનું સાધન પ્રાર્થના છે. પ્રાર્થનામાં આર્તતા અને આર્દ્રતાનું સાતત્ય જોઈએ. આવું સાતત્ય ઊંડી લગની કે રસ વિના આવી પણ ના શકે.

પૂજ્ય શ્રીમોટાએ કૃપાવિષયક વિવરણ લખવાનું સ્વીકાર્યું, પછી જેને વિશે લખવાનું હતું તે શક્તિ માટે પ્રાર્થના કરી. પૂજ્ય શ્રીમોટાના પરમ અનુભવના અખંડિતપણાને બુદ્ધિથી સમજી કે સમજાવી શકાય નહિ, તો પછી એવા અનુભવમાં કૃપાની સક્રિયતાને સમજવી આપણે માટે મુશ્કેલ છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટા પ્રાર્થના બાબત જ્યારે પણ લખે છે ત્યારે એ પ્રાર્થના 'હૃદયમાં' થતી હોય છે. વળી, એ પ્રાર્થના પૂજ્ય શ્રીમોટા મોઢેથી-માત્ર શબ્દોથી કરતા દેખાતા નથી. પ્રાર્થના પણ 'હૃદયથી' થાય છે. તેમ જ એ પ્રાર્થના 'હૃદય'ને થાય છે. જે ભાવ પરમ કોટિએ પહોંચીને અખંડ બન્યો છે, એવા પરમ ભાવાનુભાવમાં પ્રતિષ્ઠિત આત્મનિષ્ઠની અભિવ્યક્તિ માટે 'શબ્દ' પોતે હંમેશાં ભાષારૂપ જ બની રહેતો નથી. એ 'વાણી'ને વ્યક્ત કરવા મથતો હોય છે. પૂજ્ય શ્રીમોટા જે 'હૃદય'ને પ્રાર્થના કરે છે, એ હૃદય પ્રભુના પરમ અનુભવથી રસાયેલું છે. એટલું જ માત્ર નહિ, પણ પ્રભુરૂપ બનેલું છે. એને જે 'હૃદય'થી પ્રાર્થના થાય છે, એ 'હૃદય' પણ પ્રભુનું છે. એમ હોવાથી જ પ્રાર્થના શક્ય બને છે. 'હૃદય'થી 'હૃદય'નો થતો પ્રાર્થના વહેવાર શબ્દાતીત જ હોય ! એથી એ 'હૃદય'માં જ શક્ય બને છે. પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિમાં 'હૃદયને હૃદયથી, હૃદયમાં' એ જે શબ્દગુચ્છ આવે છે, એમાં પ્રત્યેક શબ્દ एक હોવા છતાં કક્ષાભેદે એ ત્રણેયના અર્થો ભિન્ન છે, એવી પ્રતીતિ કરવાની રહે છે.

આવા પ્રકારની પ્રાર્થનાના પ્રભાવથી કૃપાવિષયક જે વિવરણ થયું છે, એમાં પણ કક્ષાભેદે 'કૃપા' શબ્દ ભિન્ન ભિન્ન અર્થ છાયાઓ પ્રગટ કરે છે. 'કૃપા' શબ્દશક્તિનું પ્રાગટ્ય છે. એ વિષય કેટલો બધો અમૂર્ત છે, એ 'કૃપા' શબ્દ બોલનાર સૌ કોઈ બુદ્ધિથી સમજી શકે છે. એની એ અમૂર્તતાનું જે અનુભવદર્શન પૂજ્ય શ્રીમોટાને થયેલું એનું આમ શબ્દરૂપ આપવું — એ વિરલ ઘટના — પ્રાર્થના વિના કેવી રીતે અવતરી શકે ? પ્રાર્થનાના સાધનનો ઉપયોગ કૃપા પ્રાપ્તિ કાજે જરૂરી છે, પણ એ કૃપાશક્તિ આત્મકલાની આવી વિરલ અભિવ્યક્તિ કાજે જ અવતારી શકાય. કૃપા વિશેનો પાયાનો મુખ્ય વિચાર પૂજ્ય શ્રીમોટાએ આ સર્જન પ્રક્રિયાના પરિબળના આલેખન દ્વારા વાચક સમક્ષ મૂક્યો છે.

વળી, પૂજ્ય શ્રીમોટા કહે છે, કે કૃપા કોના પર રીઝે છે એનું ધોરણ પ્રાકૃતિક ભૂમિકાથી નક્કી ના થઈ શકે, કેમ કે એ તો આત્મશક્તિ છે. એનાં ધારાધોરણો પ્રકૃતિની ભૂમિકાથી ના સમજી શકાય. પોતાના જીવનધ્યેયને પામવા જેણે સતત પુરુષાર્થ કર્યો

હોય, મથામણો અનુભવી હોય, સાહસો આદર્યા હોય, — આ બધું કરતાં કરતાં પણ વિકાસનો અનુભવ ખોટકાતો જણાય ત્યારે હરિની કૃપા માટે ધા નંખાય છે. કૃપાશક્તિ આવા વિરલાને જ વરે છે. પૂજ્ય શ્રીમોટાએ 'કૃપા' લેખન કાજે પ્રાર્થના ભાવથી આવી પરમ શક્તિનું અવતરણ કરાવ્યું છે. આથી, 'કૃપા' વિષયક આ પ્રકારની સમજૂતી શક્ય બની છે.

**કૃપા ભૂમિકા જોયા વિના અવતરતી નથી.** પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં અનેક લક્ષણો વર્ણવ્યાં છે. કૃપાશક્તિ પોતાને વિશિષ્ટ અને અલૌકિક રીતિથી પાત્રની ભૂમિકાને પારખીને અવતરે છે. આથી, કૃપાભાજન બનનાર વ્યક્તિને જીવદશાના માણસો એના યથાર્થરૂપમાં ઓળખી ના શકે, કેમ કે કૃપાભાજન થનાર વ્યક્તિ સંસારની વચ્ચે રહેતી હોવા છતાં સંસારનાં સર્વમાન્ય લક્ષણોથી અતીત રહીને પણ વર્તતી હોય છે. એના અંતરને-એની ભૂમિકાને-એના આધારને-માત્ર હરિ જ જાણે છે. આથી જ એવો માણસ હરિની શક્તિનો સ્પર્શ પામવાનો યોગ્ય અધિકારી બને છે. આથી, દુન્યવી દૃષ્ટિએ પુણ્યશાળી વ્યક્તિ જ કૃપા પ્રાપ્ત કરે અને પાપી નહિ, એવી ભેદરેખા કૃપાપાત્રતા નક્કી કરવા માટે યોગ્ય નથી, કેમ કે કૃપા પોતે જ અસીમ છે. પૂજ્ય શ્રીમોટા આ વિચાર સમજાવવા ધર્મરાજાનું ઉદાહરણ આપે છે. પ્રભુના વિરાટ અને વ્યાપક સ્વરૂપનાં દર્શન માટેની કૃપા ધર્મરાજા પર ન ઊતરી, કિંતુ અર્જુન એ કૃપાપાત્ર બન્યો !

જીવનધ્યેયની પ્રાપ્તિ કાજે કૃપાશક્તિની સહાય વિના ડગલું પણ ભરાતું નથી, પણ એ કૃપા સર્વપ્રકારના પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ કર્યા પછી— 'નિર્બળ' બનાય ત્યારે કાર્ય કરે છે. પૂજ્ય શ્રીમોટા પારમાર્થિક વિકાસ કાજે સાધનાદિના અભ્યાસના સાતત્યનો પુરુષાર્થ સૂચવતા જ હોય છે, તો પછી સાંસારિક મનોદશામાં જીવતા અને પાર્થિવ સુખાનંદમાં રાચવા ઇચ્છનાર માટે 'કૃપા'ની માગણી એ કેવી રીતે યથાર્થ ગણાય ? હરિની શક્તિનો ઉપયોગ 'હરિ'ને પામવા જ થઈ શકે. આથી, સંસારીઓના કૃપા વિશેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને 'શાક લેવા જતાં હીરો વેચે' એવા દૃષ્ટાંતથી તેઓશ્રી ઉપહાસે છે. કૃપા વિશેની સામાન્યજનની માન્યતાનું નિરસન આથી વધુ બીજી કઈ સમર્થ રીતે થઈ શકે ?

'કૃપા', બી. આ., પૃ. ૮-૧૦ ❑

## ગયેલા આત્માને...

અમદાવાદનિવાસી પૂજ્ય શ્રીમોટાના ભક્ત-સેવક શ્રીમતી શકુંતલાબહેન આર. પરીખનો સ્વર્ગવાસ થયેલ છે. પૂજ્ય શ્રીમોટા તેઓને યશકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના. - **સંપાદક**

• •

હરિઃૐ આશ્રમનાં કર્મનિષ્ઠ પ્રમુખ ટ્રસ્ટી શ્રી કૃષ્ણકાંત શાંતિલાલ છત્રપતિનું તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ નિધન થયું છે.

અનેરા ઉત્સાહ અને ખંતથી પૂજ્ય શ્રીમોટાનું કામ કરનારા શ્રી છત્રપતિ સાહેબે જીવનનું છેલ્લું અઠવાડિયું મૌન મંદિરમાં વિતાવ્યું હતું. તેઓ હજુ ગઈકાલે જ મૌનમાંથી બહાર નીકળ્યા હતાં.

પૂજ્ય શ્રીમોટા તેમના આત્માને ઊર્ધ્વગતિ આપે એ જ પ્રાર્થના. - **સંપાદક**

હરિઃૐ આશ્રમ, સુરતના વૉટ્સએપ ઉપરથી સાભાર.

**સંસારમાં રહેવું અને ઈશ્વરની ઉપાસના કરવી, એ કામ સંસાર છોડીને મુક્ત અને સરળ જીવન ગાળવા કરતાં વધારે અઘરું છે.** ભારતની ચાર આશ્રમની આ ભૂમિકાઓ પાછળના સમયમાં બે ભૂમિકામાં સમાઈ ગઈ છે. એક ગૃહસ્થ જીવનની અને બીજી સંન્યાસીની. ગૃહસ્થાશ્રમી લગ્ન કરે છે અને નાગરિક તરીકેનાં પોતાનાં કર્તવ્યો બજાવે છે, સંન્યાસીનું કર્તવ્ય પોતાની સર્વશક્તિનો વિનિયોગ ધર્મનો ઉપદેશ અને ઈશ્વરની ઉપાસના કરવામાં સમાયું છે.

'મહાનિર્વાણ તંત્ર'માંથી થોડાક ફકરાઓ હું તમારી સમક્ષ વાંચીશ. 'મહાનિર્વાણ તંત્ર'માં આ વિષયની ચર્ચા કરેલી છે. આ ફકરાઓ પરથી તમને જણાશે કે, માણસે ગૃહસ્થ તરીકે રહેવું અને પોતાનાં કર્તવ્યો કરવાં એ કેટલું મુશ્કેલ કામ છે.

**ગૃહસ્થ ઈશ્વરનો ભક્ત હોવો જોઈએ.** ઈશ્વર વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ તેના જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. છતાં એણે સતત કાર્યશીલ રહેવું જોઈએ, પોતાનાં સર્વ કર્તવ્યો બજાવવાં જોઈએ અને **પોતાનાં કાર્યોનાં ફળ પરમાત્માને અર્પણ કરવાં જોઈએ.**

આ જગતમાં કાર્ય કરવું છતાં તેના ફળની ઈચ્છા ના રાખવી, અન્ય માણસને સહાય કરવી છતાં એ એને માટે કૃતજ્ઞ રહે એવો વિચાર ના સેવવો, કોઈ સારું કાર્ય કરવું છતાં એ સાથે એ કાર્યથી કીર્તિ કે નામના મળે છે કેમ, અથવા કશું કાંઈ મળે છે કે કેમ, એ વિશે નજર સરખી ના રાખવી, એ ભારે કઠણ છે. અત્યંત નામર્દ માણસની પણ જગત જો પ્રશંસા કરે તો એ બહાદુર બને છે, પણ પોતાના સાથી માનવોની સહાયની કશી અપેક્ષા રાખ્યા વિના સતત રીતે શુભ કાર્ય કર્યે જવું, એ માણસનો ઊંચામાં ઊંચો માર્ગ છે, ત્યાગ છે. **ગૃહસ્થનું કર્તવ્ય કમાવાનું છે, પણ આ કમાણીમાં અસત્ય, છેતરપિંડી કે લૂંટ ના થાય, તેનું એણે ધ્યાન રાખવું.** એણે પોતાનું જીવન દરિદ્રનારાયણની સેવામાં ગાળવાનું છે અને માતાપિતાને ઈશ્વરના પ્રત્યક્ષ પ્રતિનિધિ માનીને દરેક ગૃહસ્થીએ સર્વ રીતે સદાય તેમને રાજી રાખવાં જોઈએ. **માબાપના આનંદમાં ભગવાન રાજી રહે છે.** માબાપને કદી કડવું વેણ ના કહેનાર પુત્ર કે પુત્રી, સૌથી વધારે સારાં સંતાન ગણાય.

માબાપની હાજરીમાં બાળકોએ મશ્કરી ના કરવી, અધીરા ના બનવું, ગુસ્સો ના કરવો. મન ઉપર કાબૂ રાખવો. નમ્ર બનવું. માબાપની આમન્યા પાળવી. ગૃહસ્થે પોતાનાં વૃદ્ધ માબાપ, બાળકો, સ્ત્રી અને ગરીબને જમાડ્યાં પહેલાં જમવું તે પાપ છે.

ગૃહસ્થનું પોતાની પત્ની પ્રત્યેનું કર્તવ્ય પણ એવું જ છે. કોઈ પણ માણસે પોતાની પત્નીને ધમકાવવી ના જોઈએ. માતા સમાન ગણી તેનું ગૌરવ જાળવવું જોઈએ. સંકટ સમયે પણ પત્ની પ્રત્યે રોષ ના કરવો જોઈએ. પોતાની પત્ની સિવાય બીજી સ્ત્રીનો વિચાર સરખો કરવો એ ગૃહસ્થને માટે પાપરૂપ છે. પરસ્ત્રીનો માનસિક સ્પર્શ પણ માણસને ઘોર નરકમાં લઈ જાય છે. સ્ત્રીઓની સામે અયોગ્ય ભાષા કદી ના વાપરવી. તેની પાસે પોતાની ખોટી બડાઈ ના હાંકવી.

ગૃહસ્થે પોતાની સ્ત્રીને દ્રવ્ય, વસ્ત્ર, પ્રેમ,

શ્રદ્ધા અને અમૃત જેવા મીઠા શબ્દોથી સદા પ્રસન્ન રાખવી. **જે ચારિત્ર્યવાન ગૃહસ્થ પ્રત્નીનો પ્રેમ મેળવી શકે, તે ધર્મમાં સફળ થયો છે, એનામાં સર્વ ગુણ સમાયેલા છે એમ સમજવું.**

પુત્ર ચાર વરસનો થાય ત્યાં સુધી તેનું લાલન-પાલન કરવું. સોળ વરસ સુધી તેને ભણાવવો અને વીસમે વરસે તેને કોઈ પણ કામધંધામાં લગાડવો. એ ઉંમરે પિતાએ તેને પોતાના સમાન ગણવો. **પુત્રીને પણ પુત્ર સમાન ગણી ઉછેરવી,** તેને ખૂબ સંભાળપૂર્વક ભણાવવી અને પુત્રી લગ્ન કરે ત્યારે પિતાએ તેને ધન તથા ઘરેણાં આપવાં.

ગૃહસ્થનું કર્તવ્ય તેનાં ભાઈબહેનો પ્રત્યે પણ છે, એટલું જ નહિ, તેમનાં ગરીબ બાળકો પ્રત્યે પણ છે. બીજાં સગાંઓ અને નોકરો તરફ એનું કર્તવ્ય છે. તેવી જ રીતે ગામના લોકો તરફ, ગરીબો પ્રત્યે અને જે કોઈ મદદની આશા રાખે તે તમામ પ્રત્યે, ગૃહસ્થની ફરજ છે. પોતે સાધનસંપન્ન હોય છતાં ગૃહસ્થ પોતાનાં સગાંને અને ગરીબોને કશી મદદ ના કરે, તો તે પશુ છે, માનવી નથી. ગૃહસ્થે ખાવા પ્રત્યે, વસ્ત્રો પ્રત્યે અને શરીરની ટાપટીપ તરફ બહુ વળગણ ના રાખવું. **ગૃહસ્થનું હૃદય પવિત્ર, શરીર શુદ્ધ અને મન ચપળ તથા કાર્યરત હોવું જોઈએ.**

ગૃહસ્થે દુશ્મનનો સામનો વીરપુરુષની માફક કરવો જોઈએ. જો એ પોતાના દુશ્મનોની સામે વીર ના બને તો એ પોતાનું કર્તવ્ય ચૂક્યો ગણાય. અલબત્ત, મિત્રો અને સગાંઓ તરફ એણે સહૃદયી બનવું જોઈએ. ગૃહસ્થે દુષ્ટને માન ના આપવું જોઈએ. માનના અધિકારી માણસને જ માન આપવું જોઈએ. મિત્રો મેળવવા માટે જ્યાં ત્યાં ફાંફાં મારવાં એ યોગ્ય નથી. કોઈ સાથે મૈત્રી બાંધતાં પહેલાં તેનાં કાર્યો અને બીજા સાથેનો તેનો વહેવાર બરાબર તપાસી લેવાં જોઈએ. દરેક બાબત ઉપર બુદ્ધિપૂર્વક વિચાર કર્યા બાદ મિત્રતા બાંધવી જોઈએ.

જે મળે તેની પાસે પોતાનાં કામનાં વખાણ કર્યા કરશો નહિ. જ્યાં ત્યાં પોતાની બડાઈ ના હાંકવી. પોતાની ધનસંપત્તિ વિશે બહુ વાતો ના કરવી. કોઈએ કંઈ ખાનગી વાત કરી હોય તે ઉઘાડી ના પાડવી. માણસે પોતે ગરીબ છે એમ ના કહેવું, તેમ પૈસાદાર હોવાનો ડોળ ના કરવો. પોતાના અભિપ્રાયો વારંવાર બહાર ના પાડવા. વિચારપૂર્વક બંધાયેલા અભિપ્રાય એ પવિત્ર વસ્તુ છે, તેને આપણા હૃદયમાં સંઘરી રાખવો એ પણ કર્તવ્ય છે. આ બધી બાબતો કેવળ દુનિયાદારીનું ડહાપણ નથી, પણ દરેક ગૃહસ્થે આ પ્રમાણે વર્તવું તે સામાન્ય નીતિ છે.

ગૃહસ્થ એ સમાજજીવનનો પાયો-આધારસ્તંભ છે. નાનાં બાળકો, સ્ત્રીઓ, અશક્તો, વૃદ્ધો, બધાં તેને આધારે જીવે છે. તેથી તેની કેટલીક વિશિષ્ટ ફરજો છે. આ ફરજો બજાવવામાં એણે ગૌરવ અનુભવવું જોઈએ, એમ કરવામાં પોતે હલકો પડે છે એવું એને લાગવું ના જોઈએ. પોતાનાથી કંઈક હલકું કામ થઈ ગયું, અથવા ભૂલ થઈ, તો તેને વિશે ગૃહસ્થે જાહેરમાં વાતો કરવાની જરૂર નથી. આત્મનિંદા કરવાની કશી જરૂર નથી.

'સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા-સંચયન', પ્ર.આ., પૃ. ૧૦૫ ❑

## (૧૦) દુઃખદર્દ એ કર્મભોગ જ છે

શ્રી જેસંગ બાવજી

**વ્યાધિ ભોગવટે જ દૂર થાય છે,** દવાથી નહિ. દવા તો ડગતા મનવાળાને એક આશ્વાસનરૂપ છે. દવાથી દર્દ મટે છે તે તત્ત્વની દૃષ્ટિએ ખરું નથી. ભોગવટો પૂરો થતો હોય અને ટાઈમ ઉપર દવા વગેરે સંજોગો કદાચ અસર કરે, કારણ કે હવે ભોગવટે પણ જવાનું જ હતું. તેથી દવા નિમિત્ત ગણાય, પણ **દુઃખદર્દ એ કર્મભોગ જ છે.** તે તો સમતાથી વેદવું અને શ્રીહરિનું સ્મરણ કરવું એ જ ઉત્તમ ઈલાજ છે.

કર્મમળનું જવું તે પણ પુણ્યકર્મ કરેલાં તે ઉપર જ છે. ખેડૂતને કોઠીમાં દાણા ખૂટે છે, પણ વાવણી ટાણે ખેડૂત જેમ બીજેથી લાવીને પણ વાવણીનું ટાણું ચૂકતો નથી તેમ ધર્મીજીવ કર્મથી કંટાળીને ધર્મ ત્યજતા નથી. એ તો જેમ ખેડૂતને પરભારા દાણા ધણીના જતાં, તેની બારમાસની વપરાશ પૂરી પાડે છે, પણ કોણ આપશે ? ક્યાંથી લાવીશ ? હું ખેડૂત છું અને બીજા પાસેથી બીજ લાવીને વાવીશ તો દુનિયા મને શું કહેશે ? તેમ વિચારી આળસ અને પુરુષાર્થહીન થાય તો ભીખ માગવાનો સમય આવે છે. તે વખતે દુનિયા તો કહેવાનું કહે છે અને તે સાંભળતાં ભીખ માગવી પડે છે, પણ વાવણીનાં બીજ તેને મહેનત માથે નથી પાડતાં. તેમ ધર્મજીવ કર્મથી કંટાળીને ધર્મ ત્યજતા નથી, તો ઈશ્વર તેમને જરૂર સહાય કરે છે. માટે ધર્મીએ ટાઈમે પ્રસંગ, સંજોગ ગમે તેવા હોય પણ ધર્મની ખેતીમાં દુનિયાની લાજશરમ ગણવી ન જોઈએ, તો ઈશ્વર સહાયભૂત થાય છે.

રઘુરાજાની ધરતીમાં ગાયો ચરતી હતી. ત્યાં સરયૂની સામે કિનારે વાઘે ગર્જના કરી, જેથી ગાયો ભડકીને નાઠી. તેમાં એક વૃદ્ધ ગાયે બધી ગાયોને રોકીને કહ્યું રઘુરાજાનું વચન છે કે મારી ધરતીમાં નિર્ભયતાથી ચરોફરો. ધરતી તેની છે અને વચન તેનું છે. તેનું પાલન કરીશું તો તે ધરતીના ધણીને આ ખબર નહિ હોય ? માટે તમે નાસીને કેટલે જશો ? પણ રાજાનાં વચન ઉપર વિશ્વાસથી રહો. જેથી ગાયો ઠરી. રઘુરાજા તે જ સમયે પૂજા કરતા હતા. તેમણે આ જાણ્યું અને એક ડાભની સળી મારી કે જેથી વાઘ સરયૂને સામે કિનારેથી આ કિનારે ગાયો ઉપર તડપેલો તે અડધી સરયૂમાં બે ટુકડા થઈ પડ્યો અને ગાયો બચી.

તેમ આપણે પ્રભુ, પ્રભુ કરીએ પણ તેના ઉપર, તેનાં વચન ઉપર વિશ્વાસ કર્યા વગર દોડાદોડ કરીએ તેમાં પ્રભુને શું ? શ્રદ્ધા અને વિશ્વાસ વગર ઉપર ઉપરથી પ્રભુને માનવું અને નાભીમાં આપણે કરનાર (કર્તા) થઈએ તો કામ બને નહિ.

કોઈને કદી મરોડમાં બોલવું નહિ, કારણ કે તેથી સામાને હલકો ગણીને તે વાણી નીકળે છે. તેમાં પ્રભુ રાજી રહે નહિ અને ધર્મ પમાય નહિ. કોઈના ઉપર કદી પણ ખટાશ કરવી નહિ, પણ ક્ષમા ખડગ પકડે તો મોક્ષ દોડતો આવે. કોઈ ગમે તેવું બોલે પણ આ વાત યાદ

આવે તો જીવ ખમી લેતાં શીખે. કોઈ વખત આવાં ખમી ખાધેલાં વચન જીવને જરૂર વૈરાગ્ય લાવ્યા વિના રહે જ નહિ, કારણ કે જીવ રાગથી બંધાયેલો છે અને ખમી જાય તો, જેને પોતાનાં ગણ્યાં હોય તેનાં જ વચનો અંદર ઊતરીને વૈરાગ્ય લાવે કે અરે ! હું મથતો હતો, જેમના માટે મેં કાળાંધોળાં, છળપ્રપંચ કર્યાં તે તો આમ બોલે છે ? તેમનાં નિમિત્તે મેં કરેલ કર્મ મારે જ ભોગવવાનાં છે ! આમ થતાં હૃદય સાફ થતું જાય છે, પણ જો જીવ સામો પડે તો રોષ વધે છે.

જીવ આપમેળે કદી પણ બદલાતો નથી. જો પ્રભુના આશયથી ચાલે તો જ તેની પ્રકૃતિ-તેનો સ્વભાવ બદલાય છે. જીવને આદિ અનાદિની પ્રકૃતિ પડી ગયેલ છે. આ તો કલમ ચડાવવા જેવું છે. બોરડીને કલમ કરવી હોય તો તેને કાપી, નવીન ગોભા આવે તેના ઉપરથી ભૂંગળી ઉતારી કલમની ભૂંગળી ચડાવાય છે. તેમ બદલ્યા સિવાય જીવનો શિવ ન થાય. બોરડીનું જીવન કલમ કરનારને આધીન રાખે છે તો કલમી બોર થાય છે, તેમ જીવન પ્રભુના આશયે અને આશરે જો સોંપાય તો જ વહાલાના હાથે કલમ ચડી શકે, સિવાય આપબળે તો નહિ જ.

**સંસાર બધો ચિત્તમાં જ છે, શરીરમાં નથી.** તેથી હરઘડી સારા સારા ભાવ-વિચારોમાં રહેવું. જીવને નબળા વિચાર આવે તો કોઈ સારો સંગ અગર મહાપુરુષના શરણે જવું કે મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવા અને વિચારવાં. આપબળે ટાળવા જાય તો ટળતા નથી. ઊલટા પાકા થાય અને વધતા જાય છે. છેવટે તે જગ્યા પણ છોડવી.

વસાઈમાં સવજીકાકા, કૂતરાને રોટલો નાખતા હતા, તે વખતે એક કૂતરું રોટલો ખાવા માટે એટલું તો તાલાવેલીવાળું થયું હતું કે તેના રોમ રોમ રોટલો ઝંખી રહ્યા હતા, તેમ દેખાતું હતું. ઈશ્વરની પ્રાપ્તિ માટે જીવના આમ રોમ રોમ ઝંખના કરે ત્યારે ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. જમતી વખતે જેમ એક જ થાળીમાં ભોજન છે, પણ તેના ગુણદોષ જુદા જુદા છે અને તે તેવી અસર કરે છે, તેમ એક જ ઘરમાં અને એક જ જગતમાં બધા મનુષ્ય છે, પણ ગુણદોષ દરેકના જુદા જુદા હોય છે. તેથી તે માટે રાગદ્વેષ ન કરવા. દરેકના સ્વભાવ ગમે તેવા હોય તે સાથે આપણે શું ? પણ દરેકમાં રામ રહેલો છે તેનો ખ્યાલ રાખવો.

પ્રભુની વાતની શરૂઆત, શરીર, તેનો સંબંધ અને માયાથી પરના વિચારથી જ કરવાની છે. તે જ પ્રથમ ભૂમિકા ગણાય છે. આ સંસારમાં ગ્રહસ્થ માટે કંઈ ત્યાગભાવના ડોળ કરવા જેવી કોઈ બાબત નથી, પરંતુ માથે આવી પડે તે ફરજ અદા કરવી અને તે બધું કરતાં કરતાં દૃષ્ટિબિંદુ પ્રભુ-સત્પુરુષ-મય રાખવું. માત્ર તે જ સત્પુરુષ સારભૂત છે. એટલી હદે નિશ્ચયથી વર્તવા જેવું છે. તો ભોગ ભોગવતાં પણ જોગ સાંપડે અને સંસાર તરી શકાય. એ વાત જ મહત્ત્વ અને સારવાળી છે. બાકી, અસાર સમજાય તો પછી સંસારના વર્તને પણ શાંતિ પ્રવર્તે છે. સત્પુરુષની છાયા, શરણ, સ્મરણ સિવાય શાંતિ આવે તેમ નથી.

'કેવળજ્ઞાન', પ્ર.આ., પૃ.૧૦ ❑

## (૧૧) 'મોટા ક્યારેય મરવાના નથી' - શ્રીમોટા

**ડૉ. રમેશ ભટ્ટ**

એક દિવસ મોટા મારા ઘરે પધાર્યા ત્યારે અશ્રુભીની આંખે મેં મારી બધી કથની એમને કહી દીધી. મારા ભૂતકાળના બનાવોનું સ્મરણ મને ભીંસતું હતું. વળી, એનાથી કશી પ્રકારની ગ્લાનિ કે વેદના પણ અનુભવાતી ન હતી, પરંતુ તે દિવસે મોટાને મેં ખુલ્લા થઈને બધું જ કહ્યું અને એ પછી મારો બધો જ ઓથાર ચાલ્યો ગયો. ખૂબ હળવાશ થઈ ગઈ. મને એમ થયું કે મારી બધી જ વેદના, ગ્લાનિ, સંકોચ વગેરે હરાઈ ગયાં.

મેં મોટાને કહેલું, 'મને ભૂતકાળના આ પ્રસંગોની યાદ ખૂબ જ પજવતી હતી. વળી, એ સ્મરણ વખતે ક્યારેક ત્રાસ તો ક્યારેક વેરભાવ જન્મતો હતો અને એવી વ્યક્તિઓને પીડા આપવાની ઝનૂની વૃત્તિ રહ્યા કરતી હતી. ત્યારે મોટાએ કહેલું કે હવે એની ચિંતા મૂકી દો. બધું અપાઈ જાય પછી એ કશું ચહીને યાદ ના કરવું. આપમેળે ઊગે તો એ પસાર થઈ જશે.

આવા અદ્‌ભુત અનુભવ પછી નિવેદન અને સમર્પણ કરવા માટે જે શ્રદ્ધા જન્મી એણે જ આજ સુધી મને ઘણો જ હળવો રાખ્યા કર્યો છે. નિવેદન સાથે ઘણીવાર સમર્પણભાવ જાગતો ન હતો, પણ કહ્યાનો સંતોષ થતો હતો. કોઈ પણ કંઈ વાંકું બોલે અને મને ઓછું આવે કે તરત જ મનોમન મોટાને કહી દઉં. એમણે જે કહ્યું હોય તે કહું અને મને જે અનુભવાયું હોય એ કહું. જોકે આ પ્રક્રિયા સંપૂર્ણ ન હતી. છતાં એ રીતે જે કહેવાની ટેવ પાડી એથી હવે નવી નવી પદ્ધતિ ઊઘડવા લાગી છે.

નિવેદન માટે કઈ પદ્ધતિથી ટેવ પાડી એ બરાબર યાદ છે. જ્યારે જ્યારે હરિઃૐ બોલાય ત્યારે ત્યારે હરિઃૐ મૂર્તરૂપ મોટાની આકૃતિ ધારી લઉં. આવો અભ્યાસ પડતાં જ્યાં ત્યાં જરૂર પડતાં 'મોટા' છે જ એમ અનુભવાય. આમ, વર્ષો પછી આંખ મીંચીને હૃદયપ્રદેશ ઉપર મોટાની મૂર્તિની ધારણા કરવાની ટેવ પાડવા લાગ્યો. નવરાશ મળે એટલે એમ કરવાનું આપોઆપ યાદ આવે અને ત્યાં એમને અંતરમાં થતી વૃત્તિઓની વાત કરું. મૌનએકાંતમાં બેસું ત્યારે બીજાં ઘણાં સમાધાન થયા કરે. આટલું થતું હોવા છતાં મારાં અંતઃકરણો પાર વિનાની અશુદ્ધિથી ભરેલાં રહ્યાં જ કરતાં. અવારનવાર મોટાને કહેવાનું ચૂકતો નહિ. તેઓશ્રી માત્ર સાંભળી લેતા. જરૂર જણાય તો કંઈક બોલે. આમ છતાં એમણે કેટલીક બાબતોમાં કળાથી મારાં કરણો કેળવ્યાં છે.

એક વખત શ્રી કાંટાવાળા સાહેબ (ગુજરાત રાજ્યના એ સમયના મુખ્ય ઇજનેર)ના ઘરે મોટા દાઢી કરાવતા હતા. હું એમની સામે બેઠો હતો. એવામાં મારા મનમાં એવો વિચાર ઝબક્યો કે મોટા આજે સન્મુખ છે તો બધી વાતો કહેવાય છે, એ નહિ હોય ત્યારે શી વલે થશે ? તે જ વખતે મોટાએ દાઢી કરાવવાનું અટકાવીને હાથ લાંબો કર્યો અને બોલ્યા, 'આમ આવ. હાથ પકડ. **'મોટા' ક્યારેય મરવાના નથી.** જ્યારે પણ મૂંઝવણ થાય ત્યારે માત્ર યાદ કરીને મારાં છપાયેલાં પુસ્તકનું પાનું ખોલજે. ત્યાં મૂંઝવણનો ઉકેલ અને સમાધાન મળશે. ક્યારેય ચિંતા ના કરીશ. બસ ?'

લગભગ ૧૯૭૪ની આસપાસ કહેવાયેલું મોટાનું આ વચન સફળ રહ્યું છે અને રહેશે. મારા અંગત મૂંઝવણના પ્રસંગોએ તો જરૂર ખુલાસા મળ્યા છે. એટલું જ નહિ એવી પરિસ્થિતિમાં કેમ વર્તવું એ પણ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આને લીધે ઘણી નિશ્ચિંતતા રહ્યા કરી છે.

અહા ! કેવું અમૂલ્ય દાન !

'મળ્યા ફળ્યાની કેડી', પ્ર. આ., પૃ.૪૬ ❑



## : જાહેર વિનંતી :

'હરિવાણી ટ્રસ્ટ'-'હરિભાવ', રૂપિયા પચાસ લાખ (રૂ. ૫૦ લાખ)નું કોર્પસ ફંડ ઊભું કરવાનું વિચારે છે. આ માટે ઓછામાં ઓછા રૂપિયા એક લાખ કે વિશેષ રકમ જે સ્વજન આપશે તેમની વિગતો 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે. તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી એટલે કે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધી આ પ્રકારની કોર્પસ ફંડ માટેની રકમ સ્વીકારાશે. અમારી આ અપીલનો હકારાત્મક પ્રતિભાવ સ્વજનો તરફથી મળશે તેવી આશા અને વિનંતી છે.

- હરિવાણી ટ્રસ્ટ

વલ્લભ વિદ્યાનગર નિવાસી શ્રી નિરંજનભાઈ પટેલ અને પરિવાર તરફથી તેમનાં માતાપિતા શ્રીમતી ચંદ્રમણિબહેન અને શ્રી ચંદુભાઈની સ્મૃતિમાં રૂ.૧૧,૧૧,૧૧૧/- 'હરિવાણી ટ્રસ્ટ'ના 'કોર્પસ ફંડ' માટે દાન ભેટ આપેલ છે.

શ્રી નિરંજનભાઈ પટેલ તથા તેમના પરિવારે આપેલ દાન ભેટનો 'હરિવાણી ટ્રસ્ટ' સહર્ષ સ્વીકાર કરી ધન્યતા અનુભવે છે તથા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

- હરિવાણી ટ્રસ્ટ



**નડિયાદ અને સુરત આશ્રમોને જે જે સ્નેહી મિત્રો અને સજ્જનો મદદ કરે છે, તેમને તેમને મારી પ્રાર્થના છે, કે 'તેવી મદદ તેઓ પોતાના જીવનની ભાવનાને વિકસાવવાને માટે કરે છે તેવો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ તેવી મદદ કરવામાં રાખવાનું કરે.'**

- શ્રીમોટા

'જીવન દર્શન', પ્ર. આ., લેખકના નિવેદનમાંથી

**HARIBHAV, JANUARY, 2024**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026



**સાચા સંતનો પરિચય કેવી રીતે થાય ?**

**હા, - સંપતિ, વિષય વાસના અને સત્તાથી એ પર હોય.**
**લાખો મળે છતાં બંધાયેલ ન હોય, સત્તાથી આવરાયેલો**
**ન હોય, એની નમ્રતાનો અનુભવ થાય છે.**
**આ એના લક્ષણો છે.**
**અનુભવમાં આવો તો સમજ પડી જાય. એને પછી પ્રેમથી**
**ઉમળકાથી વળગ્યા કરશો તો એ સરળમાં સરળ રસ્તો છે.**

**- શ્રીમોટા**

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', આ., ૪, પૃ.૩

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007